**તેજી હોય કે પછી મંદી,**

બજાર તરફનો સાચો દ્રષ્ટિકોણ ઉજાગર કરી, નાના રોકાણકારોના હિતને ધ્યાનમાં રાખી,આધુનિક આર્થિક પ્રવાહો તેમ જ શેર, કોમોડીટી, ફોરેક્ષ વગેરે બજારોની ચાલને તાદશ્ય રજૂ કરી, દેશના ખૂણે ખૂણેથી આવેલ નિષ્ણાતોની સોનેરી સલાહ સાથે અમદાવાદથી પ્રકાશિત થતું, આર્થિક સાપ્તાહિક

ધી ઇકોનોમિક રેવલ્યૂશન

**ગુજરાતી તેમ જ અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ**

વધુ માહિતિ માટે વિઝીટ કરો :
web : www.theeconomicrevolution.com
www.theeconomicrevolution.in
email : theeconomicrevolution@yahoo.co.in
(M) 9825065387 contact : Narendra Joshi

**Nirmal Metro Daily, Ahmedabad (Gujarat)**

પાનાં ૪, કિંમત રૂ. ૧.૦૦

અમદાવાદથી પ્રકાશિત થતું, પ્રજાના પ્રાણ પ્રશ્નોને વાચા આપતું , અન્યાય સામે અવાજ ઉઠાવતું ક્રાન્તિકારી નિડર ગુજરાતી દૈનિક

**Reg. under RNI NO. GUJGUJ/2012/48123**

**નિર્મલ મેટ્રો, લગભગ એક કરોડ ઈ મેઈલમાં મોકલવામાં આવે છે**

# નિર્મલ મેટ્રો

**NIRMAL METRO** દૈનિક

તંત્રી : નરેન્દ્ર જોષી
email : nirmalmetro@yahoo.com

● વર્ષ : ૧ ● અંક : ૧૧૮ ● તા.૧૫.૦૫.૨૦૧૩, બુધવાર ● વૈશાખ સુદ ૦૫ ● સં. ૨૦૬૯ ● સહતંત્રી : દેવલક્ષ્મી જોષી ● કાર્યાલય : એચ ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

# યુપીએનું ૧૮૦ કરોડનું 'ભારત નિર્માણ'

## યુપીએના નવ વર્ષના શાસનની સિદ્ધિઓ અને ભારત નિર્માણ ગાથા વિજ્ઞાપન-પ્રચાર દ્વારા વર્ણવામાં આવશે : પ્રચાર વાસ્તવિકતા અને આંકડાકીય પુરાવા આધારિત હશે : એનડીએ તથા યુપીએ શાસનની સિદ્ધિઓ સરખાવાશે

**નવી દિલ્હી, તા. ૧૪**

નવ વર્ષ પૂર્વે 'ઇન્ડિયા શાઇનિંગ' અભિયાન ચલાવનાર ભાજપના વડપણ હેઠળની એનડીએ સરકારનું પતન થઇ ગયું હતું. હવે કોંગ્રેસના નેતૃત્વ હેઠળની યુપીએ સરકારે કેન્દ્રની સિદ્ધિઓ વર્ણવીને વિજ્ઞાપન-પ્રચાર ઝૂંબેશ ઉપાડવાની યોજના ઘડી છે. અલબત્ત, એનડીએ શાસન જેવી ભૂલનું પુનરાવર્તન નહીં કરવાની કાળજી રાખી છે.

માહિતી અને પ્રસારણ ખાતાના પ્રધાન મનીષ તિવારીએ એવી ચોખવટ કરી હતી કે યુપીએનો પ્રચાર વાસ્તવિકતા અને આંકડાકીય પુરાવા આધારિત હશે. એનડીએની માફક 'શાઇનિંગ ઇન્ડિયા'નો પ્રચાર નહીં હોય. યુપીએના નવ વર્ષના શાસનની સિદ્ધિઓ અને ભારત નિર્માણ ગાથા વર્ણવામાં આવશે. એનડીએ તથા યુપીએ શાસનની સિદ્ધિઓ સરખાવાશે. ટેલિવિઝન જાહેરાતો ઉપરાંત ટૂંકી ફિલ્મો, અખબારોની જાહેરાતો તથા સોશિયલ મીડિયા અને કોલર ટ્યુન જેવી આધુનિક ટેકનોલોજીમાં પ્રચાર કરાશે.

પ્રચાર ઝૂંબેશના પ્રથમ તબક્કાની ફિલ્મ 'પરિણીતા'ના દિગ્દર્શક પ્રદીપ સરકારે તૈયાર કરી છે અને તેમાં જાવેદ




અખ્તરનું ગીત છે. 'મીલો હમ આ ગયે, મિલો હમે જાના હૈ'નું ગીતનું શીર્ષક છે. કોલર ટ્યુનમાં પણ આ પંક્તિ ગૂંજવવામાં આવશે.

પ્રથમ તબક્કાની આ પ્રચાર ઝૂંબેશ પાછળ ૩૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. સરકારનું પ્રચાર કાર્ય સંભાળતા ડીએવીપીને કુલ ૬૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે. અત્યારથી આવતા ફેબ્રુઆરી સુધીમાં યુપીએની સિદ્ધિઓ વર્ણવવામાં ૧૮૦ કરોડનું આંધણ કરવામાં આવશે.

ચૂંટણી નિર્ધારિત સમયે થવાની હોય તો ફેબ્રુઆરીથી ઢોલ ધબુકવા લાગશે એટલે સરકારે ફેબ્રુઆરી સુધીમાં જ કાર્યક્રમ તૈયાર કર્યા છે. ૨૦૦૯માં સિદ્ધિના પ્રચાર પાછળ ૧૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. ૨૦૦૪માં એનડીએ સરકારે ઇન્ડિયા શાઇનિંગ અભિયાન પાછળ અંદાજિત ૧૫૦ કરોડનો ખર્ચ કર્યો હતો.

યુપીએ સરકારના પ્રચારમાં રાજકીય સ્થિરતા તથા સામાજિક જવાબદારી પર મુખ્ય ભાર મૂકવામાં આવ્યો છે. યુપીએ સામે દાયકાની સૌથી મોટી વિરોધી ચળવળ થઇ છે ત્યારે કોંગ્રેસ માટે વિરાટ પ્રચાર અનિવાર્ય છે.

કેન્દ્રીય મંત્રીના કહેવા પ્રમાણે સરકારનાં કોઇ અતિશિયોક્તિભર્યા દાવા નહીં હોય. વાસ્તવમાં નવ વર્ષના વિકાસનું નિરૂપણ હશે. લઘુમતી-સામાજિક મુદ્દાઓ પર સરકારે ગંભીરતાપૂર્વક કાર્યો કર્યાની વાસ્તવિકતા વર્ણવવામાં આવશે. નવ વર્ષમાં ૨૦૦૨ જેવી ઘટનાઓનું પુનરાવર્તન થયું નથી. આર્થિક વિકાસની હકીકતને આગળ ધરાશે.

સમગ્ર વિશ્વ મંદીમાં હતું ત્યારે પણ ભારતનો આર્થિક વિકાસ દર જબરદસ્ત હતો. ઉત્તર-પૂર્વીય ભારતમાં ત્રાસવાદને કાબુમાં લેવાયો છે.

ટીવી વિજ્ઞાપનમાં આઇઆઇટી પાસ વિદ્યાર્થી અમેરિકાને બદલે ભારતમાં જ રહેવાનું પસંદ કરતો હોવાનો પ્રચાર કરવામાં આવ્યો છે. મહિલા કામદારને મળતા અધિકાર, માર્ગો જેવા પાયાના મુદ્દાઓને પણ આવરી લેવામાં આવ્યા છે.



ભર ઉનાળે પાણી માટેની તકલીફ માનવીની સહનશીલતાને પણ ઓગાળી નાખે છે. રાનીપુર, નારોલ ખાતે પાણીની તકલીફ સામે દેખાવો કરવા પુતળા દહન કરવામાં આવેલ હતું. તસ્વીર હબીબખાન અશરફી

# સીબીઆઇને સ્વાયત્ત બનાવવા વડાપ્રધાને જીઓએમની રચના કરી

## ચિદમ્બરના નેતૃત્વવાળા મંત્રીસમૂહમાં શિંદે, કપિલ સિબ્બલ, સલમાન ખુરશીદ અને નારાયણ સ્વામીનો સમાવેશ કરાયો

**નવી દિલ્હી, તા. ૧૪**

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઇ)ને સ્વાયત્ત બનાવવા માટે મંત્રીસમૂહ (જીઓએમ-ગ્રુપ ઓફ મિનિસ્ટર્સ)ની રચના કરવામાં આવી છે. આ મંત્રીસમૂહની રચના વડાપ્રધાન મનમોહન સિંહે કરી છે. નાણાંમંત્રી પી.ચિદમ્બરમની અધ્યક્ષતામાં મંત્રીસમૂહની રચના કરવામાં આવી છે.

આ મંત્રીસમૂહમાં ગૃહમંત્રી સુશીલ કુમાર શિંદે, કાયદા પ્રધાન કપિલ સિબ્બલ, વિદેશ પ્રધાન સલમાન ખુરશીદ અને વડાપ્રધાન કાર્યાલયમાં રાજ્યમંત્રી નારાયણ સ્વામીનો સમાવેશ થાય છે. સુપ્રીમ કોર્ટે સીબીઆઇની સ્વાયત્તતાની વાત કરી હતી. કોર્ટે આ સંદર્ભમાં સરકારને કાયદો બનાવવાની વાત કરી હતી.

સૂત્રોનું કહેવું છે કે વડાપ્રધાન મનમોહન સિંહે મંત્રીસમૂહને સ્પષ્ટ જણાવ્યું છે કે આ કાર્ય માટે તેમની પાસે વધારે સમય નથી. આ મુદ્દે ટૂંક સમયમાં ચર્ચા વિચારણા કરી કાયદો ઘડવાની દિશામાં કવાયત આરંભી દેવામાં આવે.



ઉલ્લેખનીય છે કે કોર્ટે સીબીઆઇની તપાસમાં કેન્દ્ર સરકારની દખલની વાત કરી હતી. જેને સીબીઆઇએ સોંગદનામું આપીને સ્વીકાર પણ કર્યો હતો.

કોલસા કૌભાંડના સંબંધમાં થઇ રહેલી તપાસમાં રેલો છેક વડાપ્રધાન મનમોહન સુધી પહોંચ્યો છે. સીબીઆઇને સુપ્રીમે સરકારના બોલતા પોપટ સાથે સરખાવી હતી.

# ચીનની અવળચંડાઇ : હવે દરિયાઇ સીમામાં પણ ઘૂસણખોરી

## ચાઇનીઝ સબમરીનોએ બાવીસ વખત ચક્કર માર્યા : ભારતીય નૌકાદળે સંરક્ષણ મંત્રાલયને સોંપ્યો અહેવાલ : ચિંતા વ્યક્ત કરી

**નવી દિલ્હી, તા. ૧૪**

આપણા પડોશી દેશો આપણી સતત મેથી મારતા જ રહે છે. ખાસ કરીને પાકિસ્તાન અને ચીન ભારતને પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે હેરાન કરતાં રહે છે. છેલ્લા કેટલાક સમયથી ચીનની દાદાગીરી વધી ગઇ છે અને તે ભારતીય સીમામાં ઘૂસણખોરી કરી રહ્યું છે. જમ્મુ-કાશ્મીરમાં ચીનની ઘૂસણખોરીનો વિવાદ હજી શમ્યો નથી ત્યાં ભારતની દરિયાઇ સીમામાં પણ ચીનનું નૌકાદળ ઘૂસણખોરી કરી રહ્યું હોવાના અહેવાલ બહાર આવ્યા છે. આજથી શરૂ થઇ રહેલી નૌકાદળના ટોચના કમાન્ડોની બેઠકમાં આ મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી જેમાં સંરક્ષણ પ્રધાન એ.કે. એન્ટની પણ હાજર રહ્યા હતાં.

છેલ્લા કેટલાક વખતથી ભારતના દરિયાઇ વિસ્તારોમાં ચાઇનીઝ નેવીના જહાજો અને સબમરીનની સંખ્યામાં વધારો થયો છે.

અમેરિકન એજન્સીઓના જણાવ્યા પ્રમાણે દરિયાઇ સીમા નજીક કેટલાક મહિનામાં બાવીસ વખત ચાઇનીઝ સબમરીનો જોવા મળી હતી. એટલું જ નહીં, ભારતની નજીક કેટલાક સ્થળે બંદરો સ્થાપવામાં પણ ચીન સફળ થયું છે. જેમાં બાંગ્લાદેશના ચિત્તગોંગ તથા મ્યાનમારના કોકો આઇલેન્ડ અને શ્રીલંકાના હમ્બાનોતા ખાતેના પોર્ટનો સમાવેશ થાય છે. ચાઇનીઝ નેવીએ પાકિસ્તાનના ગ્વાદર બંદરે પણ પોતાનું થાણું સ્થાપ્યું છે. એક રીતે જોવા જઇએ તો ભારતની દરિયાઇ સીમામાં ત્રણે બાજુએ ચીનની ઉપસ્થિતિ થઇ ગઇ છે.

દરમ્યાન ભારત અને ચીન આવનારા બે દાયકામાં ૧૦૦ જેટલા નવા જહાજ અને સબમરીનની ખરીદી કરશે તેવું જાણવા મળ્યું છે. અમેરિકાની એક કન્સલ્ટન્સી એજન્સીએ આ માહિતી આપી છે. આ એજન્સીના જણાવ્યા અનુસાર ૨૦૩૨ સુધીમાં આ જહાજો અને સબમરીનો આવી જશે. હાલમાં બન્ને દેશ પાસે અણુ સબમરીન છે તેમજ નવા યુદ્ધ જહાજો છે. બીજી બાજુ ચીને એમ કહ્યું છે



કે સરહદના મામલે ભારત સાથે વાતચીતનો દોર વધારવાની તાતી જરૂરિયાત છે.

# સિંહોનાં સ્થળાંતર મામલે ગુજરાત સરકારની સુપ્રીમમાં રિવ્યુ પિટીશન

## આ રિવ્યુ પિટીશનમાં ગુજરાત સરકારે મધ્યપ્રદેશ કરતા ગુજરાતમાં જ સિંહ સલામત હોવાનું સાબિત કરવાનો પ્રયાસ કર્યો હોવા ઉપરાંત સિંહોની વધતી જતી વસ્તીનો અને મધ્યપ્રદેશનું વાતાવરણ કેટલું પ્રતિકુળ છે તે પણ દર્શાવ્યું

**ગાંધીનગર, તા. ૧૪**

ગુજરાતનાં ગૌરવ સમાન કેટલાક સિંહોને મધ્યપ્રદેશનાં કુનો અભયારણ્યમાં ખસેડવાનાં સંદર્ભે સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદા સામે ગુજરાત સરકારે આજે સુપ્રીમ કોર્ટમાં રિવ્યુ પિટીશન દાખલ કરી હોવાનું જાણવા મળ્યું છે.સુપ્રીમ કોર્ટની જે બેન્ચે ગુજરાતનાં સિંહોનો મધ્યપ્રદેશમાં ખસેડવા માટે આદેશ આપ્યો હતો તે જ બેન્ચ સમક્ષા આ રિવ્યું પિટીશન દાખલ કરવામાં આવી છે અને તેની સુનાવણી ટુંક સમયમાં હાથ ધરાશે.



જોગાનુજોગ માણાવદરનાં કોંગ્રેસનાં ધારાસભ્ય જવાહર ચાવડાએ પણ સુપ્રીમમાં રિવ્યુ અરજી દાખલ કરી છે.સુપ્રીમે થોડા સમય પહેલા જ ગુજરાતનાં કેટલાક સિંહોને મધ્યપ્રદેશમાં ખસેડવાનો આદેશ આપ્યો હતો.તેમણે આ કામગિરી છ મહિનામાં કરી લેવા જણાવ્યું હતું.જો કે સુપ્રીમના આ ચુકાદા સામે ગુજરાતમાં ભારે ઉહાપોહ મચી ગયો હતો અને ઠેરઠેર પ્રદર્શનો થયા હતા.સુપ્રીમનાં આ ચુકાદા બાદ મુખ્યમંત્રીએ તેની સામે કાયદાકીય લડત આપવાનો નિર્ધાર જાહેર કર્યો હતો.ત્યારબાદ જ વન વિભાગ અને કાયદા વિભાગ દ્વારા રિવ્યુ પિટીશનની કવાયત હાથ ધરાઈ હતી અને આજે સુપ્રીમમાં આ પિટીશનનો દાખલ કરાઇહતી.આમ તો હાલમાં સુપ્રીમમાં વેકેશન ચાલી રહ્યું છે પણ ગુજરાત સારકારની આ રિવ્યું પિટીશન સુપ્રીમે સ્વીકારી છે. આ રિવ્યુ પિટીશનમાં ગુજરાત સરકારે કેટલાક મુદ્દાઓ ઉપસ્થિત કર્યા છે જેમાં મધ્યપ્રદેશ કરતા ગુજરાતમાં જ સિંહ સાલામત હોવાનું સાબિત કરવાનો પ્રયાસ કર્યો છે.આ રિવ્યુ પિટીશનામાં ગુજરાત સારકારે સિંહોની વધતી જતી વસ્તીનો ઉલ્લેખ કર્યો છે.આ ઉપરાંત આ સિંહો માટે સ્થાનિક વાતાવરણ કેટલુ અનુકુળ અને મધ્યપ્રદેશનું વાતાવરણ કેટલું પ્રતિકુળ છે તે પણ દર્શાવ્યું છે.

ગુજરાત સરકાર ઉપરાંત માણાવદરનાં કોંગ્રેસનાં ધારાસભ્ય જવાહર ચાવડાએ પણ સુપ્રીમનાં ચુકાદા સામે રિવ્યું પિટીશન દાખલ કરી છે ત્યારે આ બંને અરજીઓ પર ટુંક સમયમાં સુનવણી થવાની શક્યતા છે.

**ફ્લેટ વેચવાનો છે**

અમદાવાદના નારણપુરા, શાસ્ત્રીનગર વિસ્તારમાં મુખ્ય રોડ પર, શોપીંગ સેક્ટરની નજીકમાં જ ૬ રૂમ રસોડું બાંધકામ ૧૬૦ વાર બે બાજુ બાલ્કની.

દલાલોએ તસ્દી લેવી નહીં.

ફોન નં. ૦૭૯-૨૭૪૧૧૦૪૬
૦૭૯-૨૭૪૫૧૪૪૯,

# નવી ટેકનિક વડે ઓસ્ટ્રેલિયાનાં તબીબોએ મર્યા બાદ સાતને જીવતા કર્યા

## મેલબોર્નમાં આવેલી ધ આલ્ફ્રેડ હોસ્પિટલમાં હાર્ટએટેકનાં કારણે મૃત્યુ પામેલા ૩૯ વર્ષનાં કોલીન ફીડલરને ફરી જીવતો કરી શકાયો

**મેલબોર્ન, તા. ૧૪**

ઓસ્ટ્રેલિયામાં એક અદ્ભુત ટેકનિક વડે તબીબોએ ચમત્કાર સર્જ્યો હતો અને ટેકનિકલી મોતને ભેટેલા સાત દર્દીઓને મોતનાં મુખમાંથી ઉગારી લીધા હતા.

ઓસ્ટ્રેલિયામાં એક એવી ટેકનિકની શોધ કરાઇ છે જે હેઠળ મૃત્યુની ચાલીસ મિનિટ પછી દર્દીને જીવતો કરાયો છે.આ ટેકનિકનો ઉપયોગકરીને એક નહી સાત લોકોને એ રીતે જીવતા કરાયા છે.મેલબોર્નમાં આવેલી ધ આલ્ફ્રેડ હોસ્પિટલમાં હાર્ટએટેકનાં કારણે મૃત્યુ પામેલા ૩૯ વર્ષનાં કોલીન ફીડલરને ફરી જીવતો કરી શકાયો હતો. આ હોસ્પિટલનાં તબીબો છેલ્લા બે વર્ષથી કાર્ડિયોપલ્મનરી સીસેસિટેશનનાં બે નવા મશીનોનું પરીક્ષણ કરી રહ્યાં હતા.હાર્ટ એટેકનો ભોગ બનેલ વ્યક્તિનું મગજ કામ કરતું બંધ થાય નહી તે માટે તેને સીપીઆર આપવામાં આવે છે.જેમાં પેશન્ટને મોઢા પર માસ્ક પહેરાવીને ઓક્સિજન અપાય છે તથા છાતી પર પ્રેશર આપવામાં આવે છે. જો કે ઓસ્ટ્રેલિયાનાં નિષ્ણાંતોએ સીપીઆરનાં બે નવા મશીન તૈયાર કર્યા છે. ઓટોપલ્સ નામના આ મશીનોની મદદથી તબીબી દ્રષ્ટિએ મૃત્યુ પામેલા કોલીન ફીડલર તથા અન્ય બે પેશન્ટોને ફરી જીવિત કરી શકાયા હતા. આ ટેકનિકમાં છાતી પર સતત પ્રેશર આપવામાં આવે છે. સાથોસાથ પેશન્ટના મગજ તથા અન્ય મહત્વનાં અંગોને બ્લડનો પુરવઠો ચાલુ રાખવામાં આવે છે. હાર્ટએટેકનો ભોગ બનેલો કોલીન ફીડલર પણ ક્લિનિકલી ચાલીસ મિનિટ સુધી મૃત હતો. આ ટેકનિકની મદદથી તબીબો હાર્ટ એટેકનું કારણ પણ જાણી શકે છે.

# હવે ૨૬/૧૧ કે કારગીલ નહીં થાયઃ નવાઝની શરાફત

**ઈસ્લામાબાદ, તા. ૧૪**

પાકિસ્તાનમાં વિજય બાદ ભારતીય અખબારને આપેલા પ્રથમ ઈન્ટરવ્યુમાં નવાઝ શરીફે ડાહી ડાહી વાતો કરી છે અને એવી ખાતરી આપી છે કે પાકિસ્તાનની ભૂમિ પરથી કોઈ આતંકવાદી સંચાલન થવા દેવાશે નહી.

૬૨ વષીય શરીફે વ્યાપારી સમજૂતિ વધારવા પર જોશ દઈને કહયું હતું કે હવે કોઈ ૨૬/૧૧ થવા દેવાશે નહી અને કોઈ કારગીલ થવા દેવાશે નહી.

શરીફે ભારતને એવી હૈયાધારણા આપી છે કે જેહાદી તત્વોને નેસ્તનાબુદ કરી નાખશું. લાહોરથી ટેલિફોન પર આપેલી મુલાકતમાં નવાઝ શરીફ સારી વાતો કરતાં હતાં.

આતંકવાદ પરવેઝ મુશરફના સમયથી આપણને વીરાછતમાં મળેલ છે તેવો ટોણો મારીને નવાઝ શરીફે કહયું



કે પાકિસ્તાન ખુદ આતંકવાદનો શિકાર છે.

શરીફે કહયું કે હું ભારતને મોસ્ટ ફેવડ નેશનનો દરજજો આપવાની તરફેણમાં છું અને એમ માનું છું કે આનાથી બન્ને દેશોને લાભ થશે. લશ્કર-એ-તોયબાનો ઉલ્લેખ થતાં નવાઝે કહયું કે અમારી સામે સમસ્યાઓ ઘણી છે અને હું વ્યાપાર સંબંધોને શ્રેષ્ઠ બનાવવાને પ્રાથમિકતા આપવા માગુ છું શરીફે કહયું કે હું ભારતની જનતાને સંદેશ આપુ છું કે પાક.ની ધરતી પરથી આતંકવાદી કાવતરા થવા દેવાશે નહી. કારગીલ થવા દેવાશે નહી.

પાકિસ્તાની સેના તમને શાંત રાખવા દેશે? તેવા પ્રશ્નના જવાબમાં શરીફે કહયું કે ભારત સાથે સારા સંબંધો રાખવામાં સેનાને કોઈ વાંધો નહી હોય. મનમોહને તમને ભારત આવવા આમંત્રણ આપ્યુ છે? તેવા પ્રશ્નના જવાબમાં શરીફે કહયું કે મને ભારત આવવા માટે ઘણી ખુશી છે. અમે બન્ને દક્ષિણ એશિયાની શાંતિ માટે પ્રવાસ કરશું.

**પોતાને 'સ્માર્ટ' માનતા આર્થિક સામાહિકો કરે છે રોકાણકાર વાચકો સાથે ગદ્દારી !?!?!?**

**'નિર્મલ મેટ્રો' ટૂંક સમયમાં જ કરશે રહસ્યસ્ફોટ, વાંચતા રહો 'નિર્મલ મેટ્રો'**

નિર્મલ મેટ્રો

### તંત્રીની કલમે....

## સીબીઆઈની સ્વાયત્તતા

હાલમાં સીબીઆઇ મામલે સુપ્રીમે જ કડક શબ્દોનો ઉપયોગ કર્ય અને કેન્દ્ર સરકારને ફટકાર લગાવી તે નવી વાત નથી.સરકારમાં નહી એવા ભાજપને પણ ખ્યાલ છે કે સીબીઆઇનો ઉપયોગ કેવી રીતે થાય છે.આમ તો તેનો આરંભ કટોકટી બાદ જ્યારે ઇન્દિરા ગાંધીએ સરકાર રચી ત્યારબાદ તેમણે આ તમામ સંસ્થાઓનો પોતાના માટે ઉપયોગ કરવો શરૂ કર્યો હતો અને તે સંસ્થાઓ મટીને હથિયાર બની ગઇ હતી.ત્યારબાદ કોઇ સરકારે તેને સ્વાયત્ત કરવાનો વિચાર કર્યો જ નથી આથી એનાથી ઉત્સાહિત ન થઈ શકાય કે કેન્દ્ર સરકારે સીબીઆઈની સરકારી ચુંગાલથી મુક્તિ અપાવવા અને સુપ્રિમ કોર્ટની ભાષામાં કહીએ તો પોપટને પાંજરામાંથી કાઢવાના ઉપાય સૂઝાડવા માટે એક મંત્રીસમૂહની રચના કરી દીધી છે. એ તો સરકારે કરવાનું જ હતું કારણ કે આ બાબતે શીર્ષ અદાલતે સ્પષ્ટ આદેશ આપ્યા હતા. હવે જોવાનું એ છે કે નાણામંત્રી પી. ચિદમ્બરમની અધ્યક્ષતા અને કપિલ સિબ્બલ અને નારાયણ સામીની સદસ્યતાવાળું આ જૂથ સીબીઆઈને વાસ્તવિક સ્વાયત્તતા પ્રદાન કરવાના કયા ઉપાય લઈને સામે આવે છે? નિઃસંદેહ આ જૂથ કાયદાના જાણકારોથી સજ્જ છે પરંતુ તેમનું હોવું કોઈ સર્વમાન્ય સમાધાનની ગેરંટી ન કહી શકાય. લોકપાલના મુસદ્દા પર વિચાર કરનારા સમૂહમાં પણ આવા જ લોકો હતા અને બધાને ખબર છે કે તે કોઈ નિષ્કર્ષ સુધી ન પહોંચી શક્યા. લોકપાલ પર સંસદમાં જોરદાર અને વ્યાપક ચર્ચા દરમિયાન પણ સીબીઆઈની સ્વાયત્તતાને લઈને તમામ મંથન થયું પરંતુ પરિણામ કશું જ ન આવ્યું. આ મંથનથી જો કંઈ સ્પષ્ટ થયું હોય તો એ કે ના તો સત્તાપક્ષ સીબીઆઈને વાસ્તવિક સ્વતંત્રતા પ્રદાન કરવા માટે તૈયાર છે કે ના વિપક્ષ. સુપ્રિમ કોર્ટ સમક્ષ સરકારના બે દાવાની પોલ સંપૂર્ણ રીતે ખૂલી ગઈ છે કે સીબીઆઈ સ્વતંત્ર અને સ્વાયત્ત છે તેથી તેણે આ તપાસ એજનસીને પોતાની પકડમાંથી મુક્ત કરવા માટે કંઈક ઠોસ ઉપાય કરવા જ પડશે પરંતુ એ પણ સ્પષ્ટ છે કે એ બહુ આસાન કામ નથી. એક તરફ જ્યાં એ આવશ્યક છે ત્યાં જ એ જરૂરી પણ છે કે તે જવાબદાર પણ બને. આ તપાસ એજન્સીને એ પ્રકારની સ્વાયત્તતા પ્રદાન કરવી કઠીન હશે જેવી ચૂંટણી પંચ અથવા કેગને હાંસલ છે.

સરકાર સમક્ષ આજે જે જટિલ સ્થિતિ આવી ઊભી છે તે વસ્તુતઃ આખા રાજકીય નેતૃત્વની નિષ્ક્રિયતાનું પરિણામ છે. એ આશ્ચર્યજનક છે કે સીબીઆઈને સ્વતંત્ર અને સ્વાયત્ત કરવાના સંદર્ભમાં સુપ્રિમ કોર્ટે લગભઘ દોઢ દાયકા પહેલાં જે આદેશ આપ્યા હતા તેના પર કોઈ પણ દળની સરકારે અમલ કરવો જરૂરી ન માન્યું. આજે સ્થિતિ એ છે કે સીબીઆઈ એક નહિ, પરંતુ ત્રણ-ચાર મંત્રાલયોથી નિયંત્રિત થાય છે. તેને કાયદા મંત્રાલય, ગૃહ મંત્રાલય અને કાર્મિક મંત્રાલયની સાથે સાથે નાણા મંત્રાલયની દાઢીમાં પણ હાથ નાખવો પડે છે. કહેવા માટે તો સીબીઆઈની ઉપર કેન્દ્રિય સતર્કતા આયોગ એટલે કે સીવીસી પણ છે પરંતુ એ સ્પષ્ટ છે કે તેઓ આ તપાસ એજન્સી થોડા મામલા સુધી જ સીમિત છે. તેને લીધે સીવીસી સ્વાયત્ત હોવાનો કોઈ મતલબ નથી રહેતો. આ આયોગય સ્વાયત્ત જરૂર છે પરંતુ પર્યાપ્ત અધિકારોથી સજ્જ નથી. બીજી તરફ સીબીઆઈ પર્યાપ્ત અધિકારોથી સજ્જ છે પરંતુ સ્વાયત્ત નથી. બહેતર રહેશે કે સીબીઆઈને સ્વાયત્તતા પ્રદાન કરવા વિશે એવી વ્યવસ્થાના નિર્માણ સુધી પહોંચે જેનાથી આ તપાસ એજન્સી અનાવશ્યક હસ્તક્ષેપની પણ બચી રહે એ જવાબદારીના દાયરામાં પણ બની રહે.

# રાષ્ટ્રીય ફલક પર ચાલતી નાટકબાજીનો અંત

**કોંગ્રેસનાં વડા સોનિયા ગાંધી અને તેમના સહયોગીઓને એ ખ્યાલ આવી ગયો કે અશ્વિની કુમારને બચાવવાની લ્હાયમાં કોંગ્રેસને ભારે નુકસાન થઈ રહ્યું છે અને આગામી વર્ષે આપણે ચુંટણીનો સામનો કરવાનો છે**

સમગ્ર દેશે હાલમાં રાષ્ટ્રીય ફલક પર ચાલતી નાટકબાજીનો આનંદ ઉઠાવ્યો જેમાં પહેલા તો આપણે જોયું કે કેન્દ્ર સરકારે પોતાની જાતને અપમાનિત થતી બચાવવા માટે સીબીઆઇનાં સ્ટેટસ અહેવાલમાં સુધારાઓ કર્યા હતા અને સીબીઆઇને તે માટે મજબુર કરી હતી.જો કે સુપ્રીમનાં કડક વલણ અને મીડિયામાં મચેલા ઉહાપોહને જોતા સરકારનું નેતૃત્વ ધરાવતી કોંગ્રેસનાં વડા સોનિયા ગાંધી અને તેમના સહયોગીઓને એ ખ્યાલ આવી ગયો કે અશ્વિની કુમારને બચાવવાની લ્હાયમાં કોંગ્રેસને ભારે નુકસાન થઇ રહ્યું છે અને આગામી વર્ષે આપણે ચુંટણીનો સામનો કરવાનો છે.તેમાંય કર્ણાટકનાં ચુંટણી પરિણામો એ કોંગ્રેસની કોઇ કામગિરીને આધારે તેમના માટે લાભદાયી બન્યા નથી પણ કર્ણાટકમાં ભાજપ પોતાને મળેલી સત્તાને સાચવી શકી ન હતી અને તેની સામે ઉભા થયેલા અસંતોષને ખાળવાનાં ઉપાયો કરવામાં તે નિષ્ફળ રહી હતી. આ પરિણામો ખરેખર તો કોંગ્રેસ માટે બોધરૂપ બની રહેવા જોઇએ તેમાં મતદારોની હાલની માનસિકતાનાં દર્શન થાય છે. જે પરિસ્થિતિનો સામનો કર્ણાટકમાં ભાજપ કરી રહી હતી તે જપરિસ્થિતિ હાલમાં દેશમાં કોંગ્રેસની સામે છે અને જેમ કર્ણાટકમાં તેમને બેઠે બેઠે જ સત્તા મળી ગઇ છે તે જ રીતે સમગ્ર દેશમાં એનડીએને લોકસભાની ચુંટણીમાં લાભ થઇ શકે છે કારણકે કર્ણાટકનાં મતદારોએ ભાજપને સત્તા પરથી દુર કરવાનું જ નક્કી કર્યુ હતું અને તેમણે તેમની સામે રહેલા કોંગ્રેસનાં વિકલ્પ પર મોહર મારી હતી તે જ રીતે હાલમાં દેશમાં પ્રાદેશિક પક્ષો કે ત્રીજો મોરચો નહી પણ એનડીએ મતદારો માટે બાકી પડતો વિકલ્પ છે ત્યારે તેઓ ભલે વિપક્ષ તરીકે કામગિરી કરવામાં તે સફળ ન રહ્યો હોય કે તેણે સંસદની કામગિરી ખોરવી હોય મતદારો તેમની સામે યુપીએની વિરૂદ્ધ રહેલા પક્ષ તરીકે પ્રાધાન્ય આપી શકે છે. આ જ વિચારોને ધ્યાનમાં રાખીને અશ્વિની કુમાર અને મામા બંસલનું રાજીનામુ તેમનાં કૌભાંડને ધ્યાનમાં રાખીને લઇ લીધુ હતું અને શાખ બચાવવાનો પ્રયાસ કર્યો છે.આખરે દેશની સર્વોચ્ચ અદાલતમાં અભૂતપૂર્વ ઝાટકણી, મીડિયામાં જબરદસ્ત ટીકા અને આમ જનતા વચ્ચે હાંસીપાત્ર બન્યા બાદ કાનૂન મંત્રી અશ્વિનીકુમાર પાસેથી રાજીનામું લઈ લેવાયું પરંતુ જે બેશરમીથી યુપીએ સરકારે કોલસા કૌભાંડની તપાસ કરી રહેલ સીબીઆઈના રિપોર્ટમાં હસ્તક્ષેપ કર્યો છે તેનાથી લોકો વચ્ચે એ સવાલ ઉઠવા લાગ્યો છે કે જ્યાં સુધી આ સરકાર અને વડાપ્રધાન સત્તા પરથી દૂર થશે ત્યાં સુધી કોઈ પણ બંધારણીય સંસ્થા સલામત બચી હશે? કોંગ્રેસ અને કેન્દ્ર સરકાર ભલે આશા રાખે કે તેણે અશ્વિનીકુમાર પાસેથી રાજીનામું લઈને નુકસાનની ભરપાઈ કરી લીધી છે પરંતુ સચ્ચાઈ એ છે કે તેણે નૈતિકતા અને કાયદાના તકાદા પર પોતાની શાખ ગુમાવી દીધી છે.સુપ્રિમ કોર્ટમાં રજૂ થવા માટે સીબીઆઈ રિપોર્ટમાં વડાપ્રધાન કાર્યાલય, કાયદામંત્રી, કોલસા મંત્રાલય અને એટર્ની જનરલ દ્વારા કરવામાં આવેલ ફેરફારોને લઈને આખો દેશ ચોંકી ગયો છે. આ લોકોનું આચરણ એટલું નિમ્ન કક્ષાનું હતું તે આ તથ્યોથી સમજી શકાય છે. યુપીએ-૧ના કાર્યકાળ દરમિયાન સરકારે બેજવાબદારીથી પોતાના પિઠ્ઠુઓને કોલસા ખાણો ફાળવી દીધી. નિયંત્રક અને મહાલેખા પરીક્ષક (કેગ)એ તપાસમાં જોયું કે કોલસા ફાળવણીમાં અપનાવાયેલી દોષપૂર્ણ પ્રક્રિયાને કારણે ૩૧ માર્ચ, ૨૦૧૧ સુધી રાજકોષને ૧,૮૫,૫૯૧ કરોડ રૂપિયાનો ચૂનો લાગ્યો છે.

કેગ રિપોર્ટ જાહેર થઈ જતાં કેન્દ્રિય મંત્રીઓએ કેગને જ ભાંડવાનું શરૂ કરી દીધું અને તેના રિપોર્ટને હાસ્યાસ્પદ ગણાવી દીધો! ત્યાર બાદ આ કેસ સુપ્રિમ કોર્ટમાં ગયો અને તેણે સીબીઆઈને નિર્દેશ આપ્યો કે મામલાની તપાસ કરીને રિપોર્ટ કોર્ટમાં રજૂ કરે. એ નક્કી થયું હતું કે સીબીઆઈ સીલબંધ રિપોર્ટ સોંપશે, જેથી કોઈ અન્ય આ રિપોર્ટ જોઈ ન શકે પરંતુ યુપીએ અને તેના કાયદામંત્રીની નજરમાં સુપ્રિમ કોર્ટની ઈજ્જત જ નથી તેથી તેમણે કોર્ટમાં રજૂ થતાં પહેલાં રિપોર્ટ જોઈ લીધો. રિપોર્ટમાં સીબીઆઈએ એવું જ લખ્યું હતું જે, કેગની તપાસમાં નીકળ્યું હતું. સીબીઆઈ રિપોર્ટમાં સ્પષ્ટ રૂપે કહેવાયું છે કે કોલસા ખાણોની ફાળવણીમાં સરકારે માપદંડોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કર્યું. કાયદામંત્રીએ એ ટિપ્પણીને હટાવી દીધી.દેશની સૌથી મોટી અદાલતની અવમાનના કરનારાઓમાં કાયદામંત્રી, એટર્ની જનરલ, વડાપ્રધાન કાર્યાલય અને કોલસા મંત્રાલય પણ સામેલ છે. સુપ્રિમ કોર્ટ ઈચ્છતી હતી કે સીબીઆઈ સરકારના આચરણની તપાસ કરે અને સિલબંધ રિપોર્ટ તેને સોંપે. આ મામલે જો કે સરકાર ખુદ આરોપી છે તેથી તેને સીબીઆઈની તપાસ પ્રક્રિયાથી અલગ રાખવામાં આવી હતી. શું તમે કોઈ એવો તપાસ અધિકારી જોયો છે કે જે અદાલતમાં રજૂ કરતાં પહેલાં આરોપીને રિપોર્ટ દેખાડે? એટલું જ નહિ, આરોપી દ્વારા કરવામાં આવેલ ભલામણો અનુસાર રિપોર્ટમાં ફેરફાર પણ કરે? આ વાત ભારતની ૧૨૦ કરોડ જનતા તો જાણે છે પરંતુ સત્તાના મદમાં ચૂર યુપીએ સરકાર નહિ.યુપીએ સરકાર કોમનવેલ્થ કૌભાંડ, ૨-જી સ્પૈક્ટ્રમ કૌભાંડ અને કોલસા કાંડ બાદ પણ બચી રહી તેથી તેનું દુઃસ્સાહસ એટલું વધી ગયું કે તે સુપ્રિમ કોર્ટને પણ આંખમાં ધૂળ નાખવાનું વિચારવા લાગી પરંતુ કહાની અહીં ખતમ નથી થતી. જ્યારે સીબીઆઈ રિપોર્ટમાં સરકારના હસ્તક્ષેપના અહેવાલો આવ્યા ત્યારે તેમાં સંડોવાયેલા લોકો નકરી નફ્ફટાઈ પર ઊતરી આવ્યા. એટર્ની જનરલ અને ભારતના સૌથી મોટા કાયદા અધિકારીએ સુપ્રિમ કોર્ટમાં ચોખ્ખું જૂઠ્ઠું બોલ્યા કે તેમણે સુપ્રિમ કોર્ટમાં રજૂ થતાં પહેલાં આ રિપોર્ટને જોયો ન હતો. એડિશનલ સોલિસિટર જનરલ હરિન રાવલે પણ પોતાના બોસને બચાવવા માટે સુપ્રિમ કોર્ટમાં જૂઠ્ઠાણું ચલાવ્યું. તેમણે કહ્યું કે સીબીઆઈએ રાજકીય આકાઓને આ રિપોર્ટ બતાવ્યો નથી. કાયદામંત્રી અશ્વિનીકુમાર અને તેમના ચેલાઓએ જૂઠ્ઠી વાર્તાઓ સંભળાવવાનું શરૂ કરી દીધું. કહેવામાં આવ્યું કે તેમણે સીબીઆઈ નિર્દેશક સાથે કોઈ બેઠક નથી કરી. બાદમાં તેમણે સ્પષ્ટતા કરી કે તેમણે તો કાયદા મંત્રી તરીકે પોતાનું કર્તવ્યનું પાલન કરતાં રિપોર્ટમાં વ્યાકરણની કેટલીક અશુદ્ધિઓ દૂર કરી. અંતે નફ્ફટાઈ પર આવી જતાં તેમણે કહ્યું કે કાયદામંત્રી હોવાના નાતે તેમની પાસે સીબીઆઈનું કામ જોવાનો કાનૂની અધિકાર છે.

સુપ્રિમ કોર્ટના નિર્દેશ પર સીબીઆઈના નિર્દેશક રંજીત સિંહાએ જે સોગંદનામું રજૂ કર્યું તેનાથી કાયદામંત્રી અને તેમનાં બગલબચ્ચાં જેવા કાયદા અધિકારીઓનું જૂઠ્ઠાણું પર્દાફાશ થઈ ગયું. તેમણે કહ્યું કે કાયદામંત્રીએ રિપોર્ટમાં બે મહત્વપૂર્ણ બદલાવ કરીને સરકારને બચાવવાનો પ્રયાસ કર્યો હતો. જો મંત્રી દ્વારા કરવામાં આવેલ બદલાવો પર ધ્યાન આપવામાં આવે તો સ્પષ્ટ થઈ જાય છે કે જે આરોપી વિરુદ્ધ પોલીસ ચાર્જશીટ દાખલ કરવા જઈ રહી છે તે જ રિપોર્ટમાં બદલાવ કરીને તેને હલકો બનાવે છે. સુપ્રિમ કોર્ટમાં રજૂ કરવામાં આવેલ સીબીઆઈના રિપોર્ટમાં સીધા સીધા કાયદા મંત્રી અને એટર્ની જનરલને દોષી ઠેરવવામાં આવ્યા છે. સોગંદનામામાં એ પણ ખુલાસો થયો કે વડાપ્રધાન કાર્યાલય અને કોલસા મંત્રાલયે પણ સીબીઆઈ દ્વારા ફાઈલ કરવામાં આવેલ સ્ટેટસ રિપોર્ટમાં હસ્તક્ષેપ કર્યો. આ ઉપરાંત અતિરિક્ત એડિશનલ સોલિસિટર જનરલ હરિન રાવલે એટર્ની જનરલને લખેલ પત્રમાં રેખાંકિત કર્યું કે બંને મંત્રીઓ અને એટર્ની જનરલે સીબીઆઈના રિપોર્ટમાં સીધેસીધો ફેરફાર કર્યો.

રંજિત સિંહાના સોગંદનામા એ હરિન રાવલના પત્રથી સ્પષ્ટ થઈ જાય છે કે આ કેસમાં સંડોવાયેલા લોકોએ રિપોર્ટમાં ફેરફાર કર્યા અને સુપ્રિમ કોર્ટ સામે જૂઠ્ઠું બોલ્યા. સરકારની કઠણાઈ અહીં જ પૂરી નથી થતી. ૮મી મેના રોજ સુનાવણી દરમિયાન સુપ્રિમ કોર્ટે સરકાર અને સીબીઆઈની બરાબર ધોલાઈ કરી. અદાલતે કહ્યું કે સરકારે રિપોર્ટનો આત્મા બદલી નાખ્યો. સુપ્રિમ કોર્ટે સીબીઆઈને પિંજરામાં બંધ પોપટ ગણાવી દીધી. અત્યાર સુધી કોઈ પણ સરકારે સુપ્રિમ કોર્ટ સમક્ષ આ રીતે જૂઠ્ઠું-ફરેબ કર્યું નથી. આ આઝાદી બાદથી અત્યાર સુધીની કોઈપણ સરકાર દ્વારા કરવામાં આવેલી સૌથી શરમજનક ઘટના છે.તો દેશને મામૂ બનાવવા નીકળેલા મામા પવન બંસલે આખરે રેલ્વેમંત્રી તરીકે રાજીનામું આપી દીધું (કહો કે લઈ લેવાયું) તેમ છથાં યુપીએ સરકાર એ સવાલથી બચી ન શખે કે આ નિર્ણયમાં આટલો બધો સમય કેમ લેવાયો? આ પગલું નૈતિકતાને કારણે નહિ પરંતુ ચોતરફી દબાણ અને રાજકીય મજબૂરીમાં ઉઠાવાયેલું પગલું દેખાઈ રહ્યું છે. જો કે, આ પગલાંથી સરકાર ખુદ પાટા પરથી ઊતરી ગઈ છે.

ખરું તો એ છે કે બંસલે એ જ દિવસે નૈતિકતાના આધાર પર પદ છોડી દેવું જોઈતું હતું, જે દિવસે તેમના ભાણિયાને રેલ્વે બોર્ડના સદસ્ય મહેશકુમાર સાથે મલાઈદાર પદ પર નિયુક્તિ માટે સોદાબાજી કરતાં સીબીઆઈએ રંગેહાથ પકડ્યો હતો પરંતુ તેઓ બચી નીકળવાના તમામ શક્ય રસ્તાઓ શોધતા રહ્યા. તેમની પાર્ટી પણ તેમનો નફ્ફટાઈથી બચાવ કરતી રહી અને મનમોહન સરકાર એવું દર્શાવતી રહી કે તે વિપક્ષના કે કોઈના દબાણમાં આવવાની નથી. આ મામલે રેલ્વે મંત્રાલયમાં ચાલી રહેલા કાળા ધંધાને ઉજાગર કરી દીધા છે કે કઈ રીતે રેલ્વે બોર્ડના મહત્વનાં પદો પર નિયુક્તિ માટે સોદાબાજી થાય છે. એ વિટંબણા જ છે કે પવન કુમાર બંસલ રૂપે કોંગ્રેસને દોઢ દાયકા બાદ રેલ્વે મંત્રી મળ્યો હતો અને આશા રખાતી હતી કે તે ગઠબંધનના રાજકારણના શિકાર બનેલ રેલ્વેને પાટા પર લાવશે પરંતુ તેમણે મંત્રાલયના મહત્વનાં પદો પર પોતાના સગાં-વ્હાલાંને એ રીતે બેસાડી દીધા તેનાથી તો રેલ્વે કોઈ પ્રાઈવેટ લિમિટેડ જેવું થઈ ગયું. બંસલની ગણતરી યુપીએના સ્વચ્છ મંત્રીઓમાં થથી હતી પરંતુ તેમના પરિવારજનોની પીઓએ તેમના મંત્રી બન્યા બાદ જે રીતે 'ઘોષિત અઘોષિત' કમાણી નોંધાવી છે તેનાથી ના કેવળ તેમની, પરંતુ પહેલાંથી ઘટતી જતી યુપીએની શાખને પણ ધક્કો લાગ્યો છે.

આમ છતાં યુપીએ સરકારનું વલણ તો એ જ અડિયલ ટટ્ટુ જેવું જણાય છે. તે કૌભાંડો અને ભ્રષ્ટાચારના કેસો જેટલું સંભવ થઈ શકે તેટલું ટાળવા જ માંગે છે. આ જ કારણ તે સંસદ સત્રને સમય પહેલાં જ સમાપ્ત કરી દેવાથી પણ અચકાઈ નહિ. જો કે, અત્યારે દર્શાવવામાં તો એવું આવે છે કે જાણે પાર્ટી અને સરકારમાં આ મુદ્દે ભારે મતભેદો છે, પરંતુ કેન્દ્રમાં સત્તાની જે વ્યવસ્થા છે તે જોતાં વાસ્તવમાં એવું સંભવ છે. મિંદડી જેવા વડાપ્રધાન 'સુપર પીએમ' સોનિયા ગાંધીની વાત ટાળી શકે તે વાત ગળે ઊતરે તેવી છે?

સરકારની દાનત જો ખરેખર સારી હોત તો સીબીઆઈના સ્ટેટસ રિપોર્ટ પર સર્વોચ્ચ અદાલતની આકરી ટિપ્પણી બાદ કાયદામંત્રી અશ્વિની કુમારને તરત પદ પરથી હાંકી કાઢ્યા હોત. અફસોસ એ છે કે અત્યાર સુધી એવું ન બન્યું. જો કે, તેમનું રાજીનામું લઈ લેવાયું પરંતુ તેમ છતાં યુપીએને જે નુકસાન થવાનું હતું તે થઈ ચૂક્યું છે અને તેની ભરપાઈ જલ્દી થઈ શકે તેમ નથી.

# કેન્દ્ર અને રાજ્યો વચ્ચેની ખાઈ પૂરવી જ રહી

આપણા દેશમાં દર પાંચ વર્ષે ચૂંટણી આવતી હોય છે પણ દરેક ચૂંટણીની મુદત એક સાથે જ આવતી ન હોવાથી સમયાંતરે આપણે ત્યાં ચૂંટણી (અલગ-અલગ રાજ્યોમાં) ચૂંટણી થતી રહેતી હોય છે. ને ત્યારે ચૂંટણીપ્રચાર જોરશોરથી ચાલતો રહે છે. એક રીતે જોવા જઈએ તો આ ચૂંટણી પ્રચાર હિસાબ-કિતાબ મેળવવાનો જ તબક્કો હોય છે. છેલ્લી ચૂંટણી દરમિયાન કેન્દ્ર સરકાર પોતાની અગણિત ઉપલબ્ધિઓનાં જ ગાણાં ગાતી રહી. સરકારમાં સામેલ લોકો સતત એ જ ફરિયાદ કરતા રહ્યા કે, રાજ્ય સરકારો અને ખાસ કરીને જે રાજ્યોમાં વિપક્ષોની સરકારો છે તેમને કેન્દ્ર સરકાર જોઈએ તેટલો સહકાર આપતી નથી હોતી. ઊલટાનું તો તેણે વિપક્ષો પર એવો આરોપ મૂક્યો છે કે, રાષ્ટ્રીય મહત્વના મુદ્દાઓ અંગે પણ કેન્દ્ર રાજ્ય સરકારને સહકાર નથી આપતી હોતી. રાજ્ય સરકારોની બાબતમાં તેનો આરોપ હતો કે, તે કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવેલ રકમનો ઉપયોગ નથી કરતી અને તેની જુદી-જુદી યોજનાઓ ભ્રષ્ટાચાર તથા તેના અમલીકરણ સંબંધી અન્ય નિષ્ફળતાઓના કારણે પાછળ રહી ગઈ છે. તેના માટે કેન્દ્રિય પરિયોજનાઓનું પૂરતું અમલીકરણ શક્ય બનતું નથી.

ચૂંટણી પ્રચાર દરમિયાનની વાક્પટુતા સમજી શકાય છે પણ તે તદ્દન તર્કબદ્ધ નથી હોતી. રાજ્ય સરકારો વિરુદ્ધ કરવામાં આવતી ફરિયાદોના જવાબમાં પૂછી શકાય કે, કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે સંઘીય રાજકોષના હસ્તાંતરણનો પાયાનો સિદ્ધાંત કયો હોવો જોઈએ?આ બાબતમાં પ્રારંભિક ધારણા જ ખોટી પડી છે કે, કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલી રકમ ખાસ ભેટ છે. જો કે, મોટાભાગે કહેવાય છે કે, સંવિધાન વિભાજ્ય રકમમાં રાજ્યોને અધિકાર આપે છે અને તેના માટે તે રાજ્ય સરકારો પર કોઈ ઉપકાર નથી કરતી. યોજના પંચ દ્વારા કરવામાં આવેલ અન્ય ફાળવણીઓમાં રાજકીય પૂર્વાગ્રહ પણ સતત જોવા મળી રહ્યો છે. કેન્દ્ર પ્રાયોજિત યોજનાઓ એક રીતે મતિભ્રંશ જ છે. નિષ્ણાંતો તેને રાજ્યોના કાયદેસર સંસાધનોમાં ધાડ પાડવાના રૂપમાં જુએ છે. આ સંસાધનોથી કેન્દ્ર તેને અલગ રાખે છે અને ફરીથી યોજના પંચ દ્વારા નક્કી શરતોના આધાર પર તેને તેનાથી મળનારી રકમનો હિસ્સો પ્રદાન કરે છે. રાજ્યોને તેના ઉપયોગ માટે જવાબદાર ઠેરવવામાં આવે છે, જેના પર વાસ્તવમાં તેમનો જ હક છે પરંતુ કેન્દ્ર આ તકની આડશ લે છે કે, તે રાજ્યોનું હિત વધારે સમજે છે અને એટલા માટે સંસાધનો સુધી રાજ્યોની પૂરતી પહોંચ આપવા અંગે ઈન્કાર કરે છે.આ રીતે કેન્દ્ર-રાજ્ય સંબંધો વચ્ચે નવ મુદ્દા મહત્વના ઊભા જ છે. પહેલો અને સૌથી ખાસ મુદ્દો એ છે કે, નાણાંકીય હસ્તાંતરણના માળખાનો. જો કે, બંધારણીય રૂપે નાણાંકીય પંચની ભલામણોના આધાર પર જ કેન્દ્ર રાજ્યોને રકમ ફાળવે છે પરંતુ અન્ય નાણાંકીય ફાળવણી માટે નાણાંકીય પંચ તેને ન કહી શકે. વધારાની કેન્દ્રિય મદદની બાબતમાં બંધારણીય રૂપે કાંઈ પણ સ્પષ્ટતા નથી અને રાજ્યો તથા યોજના પંચ વચ્ચે દ્વિપક્ષીય વાતચીતનું પરિણામ રાજકીય નિહિતાર્થો પર આધાર રાખે છે. બીજો મુદ્દો કુશળ સંસ્થાકીય તંત્રના અભાવનો છે. રાષ્ટ્રીય વિકાસ પરિષદ, જે પંચવર્ષીય યોજનાઓને મંજૂરી, તેની મધ્યાવધિ સમીક્ષા કે અન્ય જરૂરી મામલાઓ પર બેઠક યોજે છે. તથા આંતરરાજ્યોની પરિષદ, જેને વિવાદ ઉકેલવામાં કેન્દ્રિય ભૂમિકા નિભાવવી જોઈતી હતી તે તેની રચનાના ઉદ્દેશ્યમાં નિષ્ફળ રહી છે.ત્રીજો મુદ્દો એ છે કે, ઉદ્દંડ રાજ્યો સાથે આ બાબતમાં કેવી રીતે કામ લઈ શકાય, જે તેના અધિકારક્ષેત્રમાં છે પણ તેનું રાષ્ટ્રીય મહત્વ છે. જો કોઈ એક રાજ્યમાં સ્વાસ્થ્ય અને શિક્ષણ વ્યવસ્થા સતત પાછળ રહી જતી હોય તો કેન્દ્ર સરકાર પાસે તેનો શો ઉપાય છે? એવા સમયે ફાળવણીના અધિકારના બદલે પ્રદર્શનના આધાર પર સંતુલિત કરવું જોઈએ. ચોથું, અનેક આંતરરાષ્ટ્રીય સંધિઓ અન વ્યાપક સમજૂતીઓનો રાજ્યો પર ગંભીર પ્રભાવ પડે છે, ખાસ કરીને કૃષિ જેવા મામલાઓમાં. આવા મામલાઓમાં રાજ્યોની સાથે ચર્ચા-વિચારણા અને આંતરરાજ્યોની પરિષદની સંમતિને અનિવાર્ય બનાવવી જોઈએ. પાંચમું, કેન્દ્ર-રાજ્ય નાણાંકીય સંબંધોમાં પાયાની સમસ્યા અસંતુલનની છે. જો સામાજિક વિકાસ સાથે સંબંધિત ખર્ચાનો ભાર રાજ્યો પર લાદવામાં આવ્યો છે પરંતુ રાજકોષની વસૂલાતનો મહત્વનો અધિકાર કેન્દ્રને આપવામાં આવેલો છે.

છઠ્ઠો મુદ્દો છે, રાજ્યો પર કરજ લેવા અંગે જાત-જાતનાં પ્રતિબંધો. રાજ્યો બજારમાંથી કેટલી રકમ ઉઠાવી શકે તે પણ કેન્દ્ર જ નક્કી કરે છે. આ રીતે બજારમાંથી કરજ લેવાની મર્યાદા જ્યાં રાજ્યોની ૧૫ ટકા સુધી જ સીમિત છે ત્યાં કેન્દ્ર પોતાની પાસે ૮૫ ટકા કરતાં પણ વધારે અધિકાર પોતાની પાસે રાખે છે. સાતમો મુદ્દો છે, ટેક્સમાં છૂટછાટનો. રાજ્યોના સંપત્તિ લૂટાવવાના પ્રયત્નોમાં કેન્દ્ર દ્વારા આપવામાં આવતી ભારે કર છૂટથી ભારે ધક્કો લાગે છે. આ વર્ષના બજેટની જ વાત લઈ લ્યો. તેમાંથી મળનારી ચાર લાખ કરોડ રૂપિયા ઉપરાંત તરેહ-તરેહની રકમ પણ રાજકોષમાં ચાલી ગઈ. આ છૂટછાટના કારણે રાજકોષમાં ભારે ઘટાડો નોંધાયો. એટલું જ નહિ રોકાણના ક્ષેત્રીય સ્વરૂપમાં તેના કારણે ભારે અસંતુલન પણ પેદા થયું. આઠમો મુદ્દો કેન્દ્રિય યોજનાઓનો છે, જેને કેન્દ્ર સરકાર રાજ્ય સરકારોની મદદ-સલાહ વિના જ બનાવે છે જેના કારણે ગંભીર પ્રકારની સમસ્યાઓ પેદા થતી હોય છે. જરૂર કરતાં વધારે કેન્દ્રિયકૃત અને બદલી ન શકાય તેવા યોજનાના સ્વરૂપને કારણે મોટાભાગની યોજનાઓને રાજ્ય સરકારો પૂરી નથી કરી શકતી હોતી. વળી, રાજ્ય સરકારોને તેમાં ખર્ચનો એક હિસ્સો પણ ચૂકવવો પડતો હોય છે, જે પોતાની પ્રાથમિકતાઓ અને સંપત્તિના કારણે કેટલીક વખત અતિશય મુશ્કેલ કામ બની જાય છે. આ તમામ બાબતો ઉપરાંત અંતમાં તો કેન્દ્ર-રાજ્યો વચ્ચેના સંબંધોના કેટલાય મુદ્દાઓ ઊભા જ હોય છે. તેમાં કેન્દ્રિય જાહેર કંપનીઓ જેમકે, રેલ્વે, રાષ્ટ્રીય ધોરીમાર્ગ, હવાઈમથકો, બંદરો વગેરેમાં રોકાણ જેવી બાબતો છે. રાષ્ટ્રીય આપત્તિ કોષ જેવી વ્યવસ્થાઓ પણ છે. વળી, ખનીજ જેવી સંપત્તિ પણ છે જેના પર મળનારી રૉયલ્ટીની સમીક્ષાનો મુદ્દો પણ ઠેરનો ઠેર છે. સાથોસાથ એ પણ જરૂરી છે કે, બેંકો અને અન્ય નાણાંકીય સંસ્થાઓનો રકમની ફાળવણીમાં રાજ્ય સરકારને સામેલ કરવામાં આવે. આ તમામ મુદ્દાઓ પર કેન્દ્ર અને રાજ્યા બંનેનાં હિત સામેલ હોય છે એટલા માટે નિર્ણય લેતી વખતે આંતરરાજ્યીય સંતુલન જાળવવું જરૂરી બની જાય છે. કેન્દ્ર અને રાજ્યો વચ્ચે જે ખાઈ છે તેને પૂરવી જ રહી. વિકાસના નવા પડકારો માટે તેની પદ્ધતિઓ અને તેની સંસ્થાઓની પુનર્રચના થવી પણ જરૂરી છે. એ બાબત સૌ કોઈ જાણે છે કે, વીજળી, શિક્ષણ, સ્વાસ્થ્ય અને ખેતી ક્ષેત્રોમાં સુધારાઓ જરૂરી છે. વાસ્તવમાં ચૂંટણીના સૂત્રોચ્ચાર વાસ્તવિકત મુદ્દાને ઢાંકી દેતાં હોય છે. સંઘીય સંરચના હંમેશાં ભાગીદારીથી જ ચાલતી હોય છે તેના ભાગલા પાડવાથી તે ક્યારેય ચાલી ન શકે.

# ગુરૂ નરસિંહ રાવને પગલે શિષ્ય મનમોહન

**સામાન્ય ધારણા હતી કે જો કોઈ મોટો વિવાદ હોય અને સરકાર તેમાં ઘેરાઈ ગઈ હોય તો નક્કી હતું કે એક બીજો મોટો મુદ્દો પહેલા મુદ્દા પરથી લોકોનું ધ્યાન હટાવી દેતો હતો. જો એવું ન થાય તો તેને એટલી ખૂબસૂરતીથી બીજો વળાંક આપી દેવાતો હતો કે લોકોનું ધ્યાન ફંટાઈ જતું**

ભૂતપૂર્વ વડાપ્રધાન પી.વી. નરસિંહરાવ અદ્દભુત વારસો છોડી ગયા છે. ભલે લોકો ભારતમાં આર્થિક સુધારાનું શ્રેય વર્તમાન વડાપ્રધાન મનમોહનસિંહને આપે છે પરંતુ તેના અસલી શિલ્પકાર નરસિંહરાવ હતા. ઈકોનોમિક ટાઈમ્સના ટી.કે.અરૂણે એક વખત કહ્યું હતું, 'ડૉ. મનમોહનસિંહને સુધારનું શ્રેય આપવું એવું જ છે, જેમકે, તમે બુકર સન્માન માટે અરુંધતી રૉયના વર્ડ પ્રોસેસરને ક્રેડિટ આપો.' રાવ તેનાથી પણ પ્રભાવકારી બીજો એક વારસો છોડી ગયા છે. સંકટને પહોંચી વળવાની તેમની કળા પર વર્તમાન નેતા ફૂલીફાલી રહ્યા છે પરંતુ ક્યારેય તેનું શ્રેય તેમને ન આપ્યું.

જૂના જમાનાના લોકો જાણે છે કે, રાવ આ ખેલમાં કેટલા નિપુણ હતા. સામાન્ય ધારણા હતી કે જો કોઈ મોટો વિવાદ હોય અને સરકાર તેમાં ઘેરાઈ ગઈ હોય તો નક્કી હતું કે એક બીજો મોટો મુદ્દો પહેલા મુદ્દા પરથી લોકોનું ધ્યાન હટાવી દેતો હતો. જો એવું ન થાય તો તેને એટલી ખૂબસૂરતીથી બીજો વળાંક આપી દેવાતો હતો કે લોકોનું ધ્યાન ફંટાઈ જતું. ઘણા લોકોને યાદ હશે કે તેઓ હર્ષદ મહેતા વિવાદમાં એટેચીમાં એક કરોડ રૂપિયા લેવાના આરોપી હતા. ચર્ચાનો મુદ્દો એ હોવો જોઈતો હતો કે તેમને પૈસા મળ્યા કે નહિ, આગામી દિવસે મોટાભાગની ચર્ચા એ વાત પર કેન્દ્રિત હતી કે એટેચી કેટલી મોટી હતી? શું એક માણસ તેને ખેંચી શકે તેવડી હતી? અને કેટલી નોટો હતી? ભ્રષ્ટાચારનો અસલ મુદ્દો અને હર્ષદ મહેતા રાવને મળ્યા હતા, તેના પર કદાચ જ ચર્ચા થઈ શકી હશે.

ચારેબાજુથી ઘેરાયેલી વર્તમાન યુપીએ સરકાર તૃણમૂલ કોંગ્રેસના સમર્થન પાછા ખેંચવાને પ્રકટ રૂપે સંકટમાં ફસાયેલી દેખાય છે. લાગે છે કે, આ સરકાર સારી રીતે રાવના નકશેકદમ પર ચાલી રહી છે. તમે આ સરકારના કૌભાંડોનું લિસ્ટ જુઓ અને તમને સમજાઈ જશે કે આ સરકારે રાવ રકતાં પણ કોઈ કોઈ મોરચે બહેતર કામ કર્યું છે. એક કૌભાંડ બાદ બીજું કૌભાંડ થઈ જાય અને લોકોનું ધ્યાન પ્રથમ કૌભાંડ પરથી હટી જાય છે. હાઈપર-એક્ટિવ મીડિયા પણ આગળ વધી જાય છે, કારણ કે પહેલાંવાળું 'વિશાળ કૌભાંડ' પર ઠંડુ પાણી રેડી દેવાય છે.

આ વ્યવસ્થા કૌભાંડના સૂત્રધારો માટે સારી રીતે કામ કરે છે. નિત નવાં કૌભાંડો ખૂલવાથી તેમને આળસ ખાવાનો સમય મળી જાય છે. કૌભાંડમાં ફસેયાલો વ્યક્તિ જાણે છે કે, કોઈ નવું કૌભાંડ આવતાં જ બધાંનું ધ્યાન થોડા સમય માટે બીજા લોકો પર ચાલ્યું જાય છે અને તે એ રીતે છાતી ફૂલાવીને ફરે છે જાણે કશું થયું જ નથી.

તેને સમજવા માટે અહીં કેટલાંક કૌભાંડોનો ઉલ્લેખ કરવો જોઈએ. કેશ ફોર વૉટ અને હસનઅલી હવાલા કૌભાંડ ૨૦૦૮માં, મધુ કોડા માઈનિંગ કૌભાંડ અને સુકના જમીન કૌભાંડ ૨૦૦૯માં, કૉમનવેલ્થ ગેમ્સ અને આદર્શ હાઉસિંગ કૌભાંડ ૨૦૧૦માં, ઈસરો-દેવાસ ડીલ, ટેટ્રા ટ્રક કૌભાંડ, કુખ્યાત ૨-જી સ્પૈક્ટ્રમ કૌભાંડ, કોલ બ્લોક ફાળવણી કૌભાંડ, દિલ્હી એરપોર્ટ કૌભાંડ, સુનિયોજીત રીતે એર ઈન્ડિયાની હત્યા અને પૂર્વ આર્મી ચીફ વી.કે. સિંહની ઉંમરને લઈને વિવાદ અને સીવીસી નિયુક્તિમાં ગરબડને લઈને વિવાદ. આ લિસ્ટ વધતું જ જાય છે. અહીં કહેવાની જે વાત છે તે એક ઉપરછલ્લી નજર નાખવાથી પણ સમજી શકાય તેવી છે. અલગ અલગ કૌભાંડો અલગ અલગ સમય થયા અને અલગ અલગ લોકો તેમાં સંડોવાયેલા મળ્યા જાણે નાટકના કોઈ પાત્ર હોય. ઘણી હદે એવું લાગે છે કે, છેલ્લા કૌભાંડ પરથી ધ્યાન હટાવવા,પીછો છોડાવવા માટે નવું કૌભાંડ સામે લવાય છે. બની શકે કે આ જરા વધુ પડતું હોય કે પછી નિરાશાવાદી વાત હોય પરંતુ આ બધું એટલું અફસોસજનક છે કે હાલમાં જ તૃણમૂલ કોંગ્રેસ સરકારમાંથી છેડો ફાડી લીધો તેનો પણ કોઈ ફરક પડતો નથી.

આ નેતા લોકોને ઘણી હદે બેવકૂફ બનાવતા રહ્યા છે. એવું લાગે છે કે, આપણા નેતા પુરાતન કાળમાં રહે છે. તેઓ એ નથી સમજી શકતા કે દુનિયા ઘણી આગળ વધી ચૂકી છે અને ભોળા ભારતીયોને બેવકૂફ બનાવવાની જે ચાલો તેઓ વર્ષોથી ચાલતા આવ્યા છે તે હવે સંપૂર્ણ રીતે નિષ્ફળ છે. હા, એ બની શકે કે મીડિયા જૂના મામલાને છોડીને નવા મામલાને ટીઆરપીના ચક્કરમાં ચલાવતા હોય, પરંતુ વિશાળકાય સોશિયલ મીડિયા, જેનો આધાર દિવસે દિવસે વધતો જ જાય છે અને જે વધુ ને વધુ લોકો સુધી પહોંચી રહ્યું છે, તેની અસર કોઈ જેવી તેવી વાત નથી. આ સોશિયલ મીડિયાને ઈગ્નોર ન કરી શકાય.

લગભગ દરેક કૌભાંડ ડોક્યુમેન્ટેડ છે અને જે કોઈ તેને વાંચવા-જોવા માંગે તે તમામ માટે ઉપલબ્ધ છે. એટલું જ નહિ, જેવું કે કોઈને લાગે કે કોઈ કૌભાંડ હવે દબાઈ રહ્યું છે અને વિસરાતું જાય છે કે કોઈ તેના વિશે કંઈક ને કંઈક સળી કરી દે એટલે તે ફરીથી ચર્ચાના દરજ્જામાં આવી જાય છે, જે સારું છે અને ફક્ત એટલા માટે જ મીડિયાની નજરોમાં આવવાથી બચી ગયેલા આમાંથી કેટલાય કૌભાંડો જાગૃત સિટિઝન જર્નાલિસ્ટની નજરોથી બચી નથી શકતા.

તેઓ તમામ અપરાધીઓને યાદ દેવડાવતા રહે છે કે, લોકો હવે પહેલાં કરતાં ક્યાંય વધુ જાગૃત છે અને લોકો તેમનાં કરતૂતો ભૂલશે નહિ, પરંતુ તેમના કુકર્મોને તેમની પાસે ઉપલબ્ધ પ્લેટફોર્મ પર મૂકતા જ રહેશે. તો જે લોકો એમ વિચારે છે કે તેઓ આપણા દેશને વધુ નિચોવતા રહેશે અને બહુ આરામથી બચી નીકળશે, તેઓ ફરીથી વિચારે!

## મહેસૂલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અને શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાની સજીવ ખેતી અને જળવ્યવસ્થાપન અપનાવવા ખેડૂતોને અપીલ

*__અમદાવાદ : મંગળવાર :__ કૃષિ ક્ષેત્રે વિજ્ઞાન અને સંસ્કૃતિના આગવા સમન્વય સમાન કૃષિ મહોત્સવ-૨૦૧૩નો આજે બાવળા તાલુકાના આદરોડા ખાતે રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, ઉચ્ચ અધિકારીશ્રીઓ જિલ્લાના પદાધિકારીઓ તથા સમસ્ત ગ્રામજનોની ઉપસ્થિતિમાં ઉત્સાહભેર પ્રારંભ થયો હતો. મહેસૂલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અને શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જિલ્લાકક્ષાના કૃષિ મહોત્સવની ઉજવણી અંતર્ગત આદરોડ ખાતે કૃષિરથને વિધિવત પ્રસ્થાન કરાવી, દીપ પ્રાક્ટ્ય દ્વારા કૃષિ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. બંને મંત્રીશ્રીઓ- શ્રીમતી આનંદીબેન પટેલ અને શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કૃષિ મહોત્સવને કૃષિ ક્રાંતિનું માધ્યમ લેખાવી ખેડૂતોને અપીલ કરતા જણાવ્યું હતું કે, કૃષિ ક્ષેત્રે યશસ્વી સિધ્ધિ મેળવવા હવે કૃષિ વિજ્ઞાનની ટેકનોલોજી, જળ વ્યવસ્થાપન, સંશોધિત બિયારણ અને તેની વૈજ્ઞાનિક ઢબે માવજતની જરૂરિયાત, સજીવખેતીથી ઉત્પાદન મેળવવાની પધ્ધતિઓ અપનાવીને ઓછા ખર્ચે વધુ કૃષિ ઉત્પાદન મેળવવાનો રસ્તો ખેડૂતોએ અપનાવવો પડશે. રોગ, નિદાન અને ઉકેલનો માર્ગ રાજ્ય સરકારે ખેડૂતોને ચિંધ્યો છે ત્યારે ખેડૂતો આ રાહ અપનાવશે તો કૃષિ ક્ષેત્રે ચમત્કારિક પરિણામ મળશે જ.*

*શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પરંપરાગત ખેતીના બદલે ઓછા ખર્ચે મહત્તમ કૃષિ ઉત્પાદન મેળવવા સજીવખેતી, ખાતર, બિયારણ, પાણી અને રાસાયણિક દવાઓના સપ્રમાણ ઉપયોગની જરૂરિયાત પર ખાસ ભાર મૂકયો હતો. શ્રી ચુડાસમાએ જણાવ્યું હતું કે, રાજ્યના અનેક પ્રયોગશીલ ખેડૂતોએ ઓછી વીજળીએ, ઓછા પાણીએ, સજીવ ખેતી, કૃષિ વિજ્ઞાન અને કૃષિ સંસ્કૃતિનો સમન્વય કરીને કૃષિ ક્ષેત્રે સુંદર પરિણામો મેળવ્યા છે. શું આ ખેડૂતો રાજ્યના ખેડૂતોનો પ્રેરણાસ્ત્રો ન બની શકે ?*

*કૃષિ ક્ષેત્ર સજીવ ખેતી પર ભાર મુકતા શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, આવતીકાલ સજીવ ખેતીની જ છે. અકાળે રોગ, અકાળ વૃધ્ધત્વનું કારણ કેમિકલ, ખાતરોનો વધુ પડતો ઉપયોગ છે ત્યારે ખેડૂતો તેનો સપ્રમાણ ઉપયોગ કરી ધરતીને દુષિત બનતી અટકાવે, સજીવ ખેતી અને ઓછા વીજળી-પાણીથી વધુ અને ગુણવત્તાયુક્ત કૃષિ પેદાશ મેળવનાર રાજ્યના અનેક પ્રયોગશીલ ખેડૂતોના ઉદાહરણો આપી શ્રી ચુડાસમાએ જણાવ્યું હતું કે, ખેતીની સમસ્યા તેનું નિદાન અને ઉકેલ કૃષિ મહોત્સવના માધ્યમથી આ ખેડૂતોએ ચિંધ્યા છે ત્યારે રાજ્યના ખેડૂતો ઉકેલની આ દિશાને અપનાવે તેમાં જ સમૃધ્ધ ખેતીનું રહસ્ય સમાયેલું છે.*

*છેલ્લા આઠ વર્ષથી ઉજવાતા કૃષિ મહોત્સવના પરિણામે અમદાવાદ જિલ્લાએ કૃષિ ક્ષેત્રે આધુનિક ખેતી પધ્ધતિ અને જળવ્યવસ્થાપનના કારણે નોંધપાત્ર સિધ્ધિઓ હાંસલ કરી છે.*

## ચૂસ્ત સ્ટોપલોસ સાથે વેપાર કરવો સલાહભર્યું છે

**- સાગર રાઉટ, કેપિટલ માર્કેટ ઈન્ટેલીજન્સ એન્ડ લર્નીંગ પ્રાઈવેટ લી.**

આજે ઈન્ડેક્ષ ફલેટ રહ્યો, કારણ કે બજારે તા. ૧૩મેના રોજના મોટા ઘટાડા પછી સામાન્ય કરેકશન બતાવ્યું. નિફટીની ૬૦૨૬ની સપાટી કે જે આજે પણ ઉચ્ચતમ સપાટી હતી, તે આવતી

| Name | Trading price | Stoploss | Target |
|---|---|---|---|
| Arvind ltd | 80 | 81 | 78.50… 76.50 |
| Hero motor corp | 1683 | 1693 | 1650…1633 |
| Indusind bank | 492 | 495 | 486.. 480 |

કાલના ટ્રેડીંગ સેશન માટે પણ રેજીસ્ટન્સ લાગે છે. નિફટીનો ઉંચો ચાર્ટ હાલ ખરીદી દર્શાવી રહેલ છે, તે જોતાં એમ લાગે છે કે બજાર એકદમ ઘટતી વખતે અચકાશે. જો કે એ બાબત ધ્યાનમાં લેવી જોઈએ કે બજાર સાપ્તાહિક લક્ષાંક ૫૯૧૫ના લક્ષાંક સુધી પહોંચે તેવી ભારે શકયતા છે. વેપારીઓને સલાહ કે ૬૦૨૦ની સપાટીએ શોર્ટ સેલ કરે અને ૬૦૩૫નો સ્ટોપલોસ રાખે. વેપારીઓ ૫૯૮૦નો લક્ષાંક રાખે. ચૂસ્ત સ્ટોપલોસ સાથે વેપાર કરવો સલાહભર્યું છે કારણ કે હાયરચાર્ટ ખરીદીના સંકેત આપે છે.

**Printed, Published and Owned by Shri Narendra Joshi and Printed at Bhoomi Offset Bhatiya vadi, Opp. Kalupur Rly. Station, Kalupur, Ahmedabad-380002 and published from H-115/991, Nirmal Appartments, Naranpura, AHMEDABAD-380063. Editor- Mr. NARENDRA JOSHI. PH :-079- 27451449, (M) 9825065387**

# ઓશોએ પોતાની અંગ્રેજ એટેન્ડન્ટ વિવેકને ગર્ભવતી બનાવી હતી

**નવી દિલ્હી, તા. ૧૪**

મૃત્યુના બે દાયકા પછી પણ આધ્યાત્મિક ગુરૂ ઓશો સાથે જોડાયેલા વિવાદો કેમેય કરીને શાંત પડતા નથી. ઓશોની સાથે લાંબા સમય સુધી રહી ચૂકેલા તેમના પૂર્વ સચિવ મા આનંદ શીલાએ ઓશો ઉપર ગંભીર આરોપ મૂક્યા છે. આનંદ શીલાએ પોતાના પુસ્તક 'ડોન્ટ કીલ હીમ'માં જણાવ્યું છે કે, ઓશોએ કઇ રીતે પોતાની એટેન્ડન્ટ ક્રિસ્ટીન વુલ્ફ સાથે લાંબા સમય સુધી શારીરિક સંબંધો બાંધ્યા હતાં.

મા શીલા આનંદના જણાવ્યા પ્રમાણે ક્રિસ્ટીન બ્રિટિશ નાગરિક હતી જેને ઓશોએ 'વિવેક' નામ આપ્યું હતું. શીલાના પુસ્તકમાં જણાવ્યા પ્રમાણે ક્રિસ્ટીન ઓશોથી ગર્ભવતી થઇ ત્યારે ઓશોએ તેનો ગર્ભપાત કરાવી નાખ્યો હતો અને તેની નસબંધી કરાવી નાખી હતી. ઓશોને શબક શિખવાડવા માટે વિવેક બાળકને જન્મ આપવા ઇચ્છતી હતી. જ્યારે ઓશોએ પુણેમાં પોતાના આશ્રમની સ્થાપના કરી તો ત્યાં ગર્ભપાત અને નસબંધીને ખુલ્લેઆમ પ્રોત્સાહન મળ્યું કારણ કે તેઓ નહોતા ઇચ્છતા કે તેમની સીમીત જમીન ઉપર અગણિત બાળકો જન્મ લ્યે. ઓશોનું એટલું જોર હતું એ બાબતની જાણ એ પરથી થાય છે કે તેમણે આશ્રમમાં તમામ પદાધિકારીઓને નશબંધી કરાવી લેવાની સૂચના પણ આપી હતી. આનંદ શીલાએ એક ઇન્ટરવ્યૂમાં માન્યું છે કે અનેક વખત ઓશો એક જ દિવસમાં પોતાની આશ્રમની ત્રણ અલગ-અલગ સંન્યાસીનીઓ સાથે સેક્સ કરતાં હતાં. 'ડોન્ટ કીલ હીમ'માં વધુમાં લખવામાં આવ્યું છે કે, ઓશો ડ્રગ્સ પણ લેતા હતાં. પુસ્તકમાં જણાવાયું છે કે ઓશોને ડ્રગ્સ લેવાની લત જબરી હતી. તેમણે ૧૫ કાલ્પનિક (નકલી) મેડિકલ ફાઇલ તૈયાર કરાવી હતી જેની મદદથી ઓશો વેલીયમ અને મેપ્રોબેમેટ જેવા નશીલા પદાર્થો મેળવી તેનું સેવન કરતાં હતાં.




પુસ્તકમાં જણાવાયું છે કે, ઓશોએ ગ્રુપ થેરાપીનો કોન્સેપ્ટ આપ્યો હતો. ઓશોએ દાવો કર્યો હતો કે ગ્રુપ થેરાપી ગુસ્સો, નફરત અને યૌન કુંઠાથી મુક્તિ અપાવે છે. આ થેરાપીને કારણ તેમના અનુયાયીઓની સંખ્યા ઝડપથી વધી અને તેમની દોલત પણ વધતી ગઇ. આ થેરાપી દરમ્યાન આશ્રમમાં હિંસા અને જાતીય અત્યાચારના અનેક કિસ્સાઓ થયા. આવી થેરાપીમાં ભાગ લેવા અને આશ્રમમાં રહેવા માટે ફી એટલી વધુ હતી કે, અનેક સંન્યાસીનીઓને વેશ્યાવૃત્તિનું કામ પણ શરૂ કરવું પડ્યું હતું. શીલા આ અંગે પુસ્તકમાં લખે છે કે અહમથી છૂટકારો અને ધ્યાન માટે આશ્રમમાં દરેક એટલા ઉત્સુક હતાં કે તે માટે કંઇ પણ કરી શકતા.

થેરાપીમાં ભાગ લેવા માટે સંન્યાસીઓ-સંન્યાસીનીઓએ પોતાના ગજવા ખાલી કર્યા અને પોતાની ભક્તિ સાબિત કરવા માટે મોંઘામાં મોંઘી ભેટ આપી. આ ઓશો દ્વારા કરવામાં આવેલ ઘણું ક્રૂર અને નફરત પેદા કરનારૂં શોષણ હતું.

# સંજય દત્તને સુપ્રીમે મહેતલ ન આપી : જવું પડશે જેલ

**બે નિર્માતાઓએ સુપ્રીમમાં સંજયને વધારે સમય આપવાની અરજી કરી હતી જે સુપ્રીમે ફગાવી દીધી : ૧૬ મેના રોજ સરેન્ડર કરવું પડશે : સંજયે ટાડા કોર્ટમાં સીધા જેલમાં જ જવાની માંગ કરી**



**નવી દિલ્હી, તા. ૧૪**

સર્વોચ્ચ અદાલતે બે ફિલ્મ નિર્માતાઓની અરજી પણ સુનાવણી કરતાં સંજય દત્તને સરેન્ડર માટે વધારે સમય આપવાની માંગને ફગાવી દીધી હતી. સંજયને ૧૬ મેના રોજ આત્મસમર્પણ કરવાનું છે.

પહેલા જ સુપ્રીમ કોર્ટે સંજય દત્તને પોતાની ફિલ્મોનું શૂટિંગ પૂર્ણ કરવા માટે ચાર સપ્તાહની મહેતલ આપી હતી. ત્યારબાદ બે ફિલ્મ નિર્માતાઓએ પોતાની ફિલ્મ પૂરી કરવા માટે સંજય દત્તને વધારે સમય આપવાની માંગ સુપ્રીમ સમક્ષ રજૂ કરી હતી.

સુપ્રીમ કોર્ટના આ નિર્ણયની સાથે જ ૧૯૯૩ મુંબઇ બોમ્બ બ્લાસ્ટ મામલે એક્ટર સંજય દત્તની સજા યથાવત રાખી છે. આ સજામાં સંજય પહેલા જ ૧૮ મહિના જેલમાં કાપી ચૂક્યો છે. તેને સાડા ત્રણ વર્ષની સજા હજી પણ કાપવાની છે.

સંજય દત્તના સરેન્ડર આડે હવે માત્ર એક દિવસ બચ્યો છે. તે પોતાની મોટાભાગની અધૂરી ફિલ્મોનું શૂટિંગ પૂર્ણ કરી ચૂક્યો છે. ફિલ્મ નિર્માતાઓની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધા બાદ બોલીવુડને ફટકો પડ્યો છે. સંજય જેલમાં જવાથી નિર્માતાઓને લગભગ રૂા. ૨.૫ અબજનું નુકસાન થઇ શકે છે.

સંજય દત્તે પોતાની સાત ફિલ્મો પૈકી 'પુલિસગીરી', 'ઝંઝીર' અને 'પીકે'નું શૂટિંગ પૂર્ણ કરી લીધું છે. ફિલ્મ 'ઉંગલી'નું શૂટિંગ પૂર્ણ થયાની જાણકારી નથી. 'શેર'માં દત્તના એક ગીતનું શૂટિંગ થવાનું બાકી છે. ફિલ્મ 'તકરાર' અને 'વસૂલી'નું શૂટિંગ હજી બાકી છે.

બીજીતરફ સંજય દત્તે ટાડા કોર્ટમાં અરજી કરી સીધા જેલમાં જ જવાની માંગ કરી છે. પોતાની અરજીમાં સંજય દત્તે જણાવ્યું કે તેને પૂનાની યરવડા જેલમાં આત્મસમર્પણ કરવાની મંજૂરી આપવામાં આવે. આ અંગેની સુનાવણી બુધવારે થશે.

# સોનાની આયાતે વેપાર ખાધ વધારી

**વેપાર ખાધ વધતા વર્તમાન કરન્ટ એકાઉન્ટ ખાધમાં વિક્રમી વધારો થયો : વેપારી ખાધ ૧૭.૮ અબજ ડોલર નોંધાઇ : આયાત ૪૧.૯૫ અબજ ડોલર રહી**

**નવી દિલ્હી, તા. ૧૪**

સોનાની જંગી ખરીદીને પગલે દેશની કુલ આયાતમાં થયેલા વધારાએ નિકાસમાં સુધારાને ધોઇ નાખીને વેપાર ખાધ વધારી છે.

ચિંતિત સરકારે જણાવ્યું હતું કે, તે વેપાર ખાધ સુધારવા માટે પગલાં ભરશે. વેપાર ખાધ વધતા વર્તમાન કરન્ટ એકાઉન્ટ ખાધમાં વિક્રમી વધારો થયો છે.

નિકાસ સતત ચોથા મહિને વધીને એપ્રિલમાં ૧.૬૮ ટકાના વધારા સાથે ૨૪.૧ અબજ ડોલર રહી હતી જ્યારે આયાત ૧૦.૯ ટકા વધીને ૪૧.૯૫ અબજ ડોલર રહી હતી. આમ ૧૭.૮ અબજ ડોલરની વેપાર ખાધ નોંધાઇ હતી, એમ સોમવારે જારી કરવામાં આવેલા આંકડા દર્શાવે છે.

વેપાર સચિવ એસ.આર. રાવે આંકડા જારી કર્યા બાદ પત્રકારોને જણાવ્યું હતું કે, સોનાની આયાતમાં વધારો આશ્ચર્યજનક છે. તેની ધારણા ન હતી.

ભારતની ચાલુ ખાતાની ખાદ ૨૦૧૨-૧૩માં જીડીપીના ૫ ટકાના વિક્રમ સ્તરે પહોંચે તેવી ધારણા છે. કારણ કે સોનાની આયાત અંકુશમાં લાવવા માટે પગલાની નજીવી અસર થઇ હતી.

ભારતે ૨૦૧૨-૧૩માં ૫૨.૫ અબજ ડોલરના સોના અને ચાંદીની આયાત કરી હતીત જે ૨૦૧૧-૧૨માં ૫૬.૭ અબજ ડોલર હતી. પરંતુ નિષ્ણાતોનું કહેવું છે કે એપ્રિલમાં સોનાની આયાતમાં ઉછાળો એકાદ ઘટના હોવી જોઇએ કારણ કે પીળી ધાતુમાં રોકાણ માંગ નબળી રહેવાની શક્યતા છે.

એપ્રિલમાં સોના અને ચાંદીની આયાત વાર્ષિક ધોરણે ૧૩૮ ટકા વધીને ૭.૫ અબજ ડોલર થઇ હતી જે ગયા વર્ષે ૩.૧ અબજ ડોલર હતી.

સોનાની આયાતમાં તાજેતરનો વધારો વપરાશ માંગમાં અચાનક વધારાને આભારી હતો જે આગળના ક્વાર્ટર્સમાં ધીમો પડશે. અલબત્ત ઓઇલ અને સોનાને બાદ કરતાં આયાત વૃદ્ધિ નેગેટિવ ઝોનમાં રહી હતી જે નબળી સ્થાનિક માંગ દર્શાવે છે.

વિક્રમ વેપાર ખાધે નિકાસમાં સુધારાને ધોઇ નાખ્યો છે. જેમ્સ અને જ્વેલરી, ચોખા, રેડીમેડ ગારમેન્ટ, કપાસ અને મરિન પ્રોડક્ટ્સની નિકાસમાં સુધારો થયો છે. રેડિમેડ ગારમેન્ટની નિકાસમાં ૮.૬ ટકાનો વધારો થયો છે જે ગયા વર્ષે મોટાભાગના સમય દરમ્યાન ઘટાડા તરફી હતી જે સૂચવે છે કે વિદેશમાં માંગ વધી રહી છે.

વાણિજ્ય મંત્રાલયે ચાલુ નાણાંકીય વર્ષ માટે ૩૨૫ અબજ ડોલરની નિકાસનો લક્ષ્યાંક મૂક્યો છે જે ગયા વર્ષની ૩૦૦.૬ અબજ ડોલરની તુલનાએ ૮ ટકાની વૃદ્ધિ દર્શાવે છે.

# ગુજરાતમાં પેટાચુંટણીને કારણે રાજકારણમાં ગરમાટો

**જેતપુરમાં કોંગ્રેસે જયેશ રાદડિયા સામે જગદીશ પાંભરને ઉતાર્યા જે જયેશનાં દુરનાં મામા**

**અમદાવાદ, તા. ૧૪**

સમગ્ર ગુજરાતમાં હાલમાં પેટા ચુંટણીને કારણે ફરી એક વખત રાજકારણમાં ગરમાટો વ્યાપી ગયો છે. રાજકોટ જિલ્લાની મહત્વની ગણાતી જેતપુર અને ધોરાજી બેઠકોની ચુંટણી યોજાવાની છે ત્યારે રાજકોટ જિલ્લા પંચાયત કચેરી ખાતે ભાજપનાં જયેશ રાદડિયાએ ફોર્મ ભર્યુ હતું.તો કોંગ્રેસનાં ઉમેદવારો બુધવારે ફોર્મ ભરશે.

વિઠ્ઠલ રાદડિયા અને તેમના પુત્ર જયેશ રાદડિયાએ કોંગ્રેસમાં હોદ્દો નહી મળતા ભાજપનો પાલવ પકડ્યો હતો.જેનાકારણે ધોરાજી, ઉપલેટા અને જેતપુર જામકંડોરણા મત વિસ્તારોનાં રાજકીય સમીકરણમાં પરિવર્તન આવ્યું છે.તેમણે શક્તિપ્રદર્શન સાથે ભાજપમાં પ્રવેશ મેળવ્યો હતો અને હાલમાં જ જયેશ રાદડિયાએ જેતપુર બેઠક માટે પોતાનું ફોર્મ ભર્યુ હતુ.ત્યારે રાજકોટ શહેર અને જિલ્લા કાર્યકરો હાજર રહ્યાં હતા.

ફોર્મ ભરવા આવેલા જયેશ રાદડિયાએ જણાવ્યું હતું કે ગત વિધાનસભા ચુંટણીમાં કોંગ્રેરનો નહી અમારો વિજય થયો હતો જ્યારે આજે અમારી પાસે ભાજપ છે આથી આ ચુંટણીમાં પણ તેમનો જ વિજય થશે.જેતપુરમાં કોંગ્રેસે જયેશ રાદડિયા સામે જગદીશ પાંભરને ઉતાર્યા છે.જે જયેશનાં દુરનાં મામા થાય છે.તેઓ ઉદ્યોગપતિ છે અને વર્ષોથી કોંગ્રેસ સાથે સંકળાયેલા છે.ગત વિધાનસભા ચુંટણીમાં જો કે તેમણે જીપીપીમાં આટો માર્યો હતો.

# એપ્રિલમાં ફુગાવો ૪.૮૯ની ૪૧ મહિનાની નીચી સપાટીએ

**નવેમ્બર, ૨૦૦૯ બાદ પ્રથમવાર જથ્થાબંધ આધારિત ફુગાવો આટલી નીચી સપાટીએ પહોંચ્યો : ખાદ્ય ફુગાો ઘટીને ૬.૦૮ ટકા અને પ્રાથમિક ચીજવસ્તુઓનો ફુગાવો ૫.૭૫ ટકા થયો**

**નવી દિલ્હી, તા. ૧૪**

એપ્રિલમાં જથ્થાબંધ ભાવાંક આધારિત ફુગાવાનો દર ઘટીને ૪.૮૯ ટકાની ૪૧ મહિનાની નીચી સપાટીએ પહોંચી ગયો હતો. માર્ચમાં ફુગાવો ૫.૯૬ ટકા નોંધાયો હતો. નિષ્ણાતોના ૫.૩ ટકાના અંદાજની સરખામણીમાં પણ એપ્રિલનો ફુગાવાનો દર નીચો રહ્યો હતો.

માર્ચના ૮.૭૩ ટકાની સરખામણીમાં એપ્રિલમાં ખાદ્ય ફુગાવો ઘટીને ૬.૦૮ ટકા નોંધાયો હતો જ્યારે પ્રાથમિક ચીજવસ્તુઓનો ફુગાવો ૭.૬ ટકાની સરખામણીમાં ઘટીને ૫.૭૫ ટકા થયો હતો.



શાકભાજી, ખાદ્ય તેલ અને પ્રોટિન આધારિત ચીજવસ્તુઓના ભાવમાં ઘટાડાને કારણે એપ્રિલમાં રિટેલ ફુગાવો સતત બીજા મહિને ઘટીને ૯.૩૯ ટકા થયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે માર્ચમાં કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સ આધારિત ફુગાવો ૧૦.૩૯ ટકા નોંધાયો હતો.

શાકભાજીના ભાવ એપ્રિલમાં ઘટીને ૫.૪૩ ટકા પર પહોંચી ગયા જે માર્ચમાં ૧૨.૧૬ ટકા પર હતાં. ઇંડા, માંસ અને માછલી જેવા પ્રોટીનયુક્ત ચીજોનો ફુગાવો એપ્રિલમાં ૧૩.૬૦ ટકા હતો. તેલ અને વસામાં તે ૭.૫૨ ટકા હતો. ખાદ્ય અને પીણામાં મોંઘવારી દર ૧૦.૬૧ ટકા હતો જે માર્ચમાં ૧૨.૪૨ ટકા હતો.

છેલ્લા કેટલાક મહિનાઓથી ફુગાવામાં ઘટાડા છતાં ભારતીય રિઝર્વ બેન્ક દેશની ચાલુ ખાતાની ખાધને લઇને ચિંતિત છે. દેશની આર્થિક સ્થિતિ દાયકાની નીચી સપાટીએ આવી ગઇ હોવાથી રિઝર્વ બેન્કના ગવર્નર ડી. સુબ્બારાવ સાવચેત વલણ અપનાવી રહ્યાં છે.

ચાલુ વર્ષે આરબીઆઇએ ત્રીજી વાર રેપો રેટમાં ઘટાડો કર્યા બાદ હવે વ્યાજદરમાં વધુ ઘટાડાની કોઇ તક નહીં હોવાનો સંકેત આપ્યો હતો.

# રેનબેક્સી સમાધાન પેટે ૫૦ કરોડ ડોલર ચૂકવશે

**રેનબેક્સીએ અમેરિકામાં ગુનો કબૂલ્યો : કોઇ જેનેરિક દવા ઉત્પાદકે કરેલું અત્યાર સુધીનું આ સૌથી મોટું સમાધાન**

**વોશિંગ્ટન, તા. ૧૪**




ભારતના બે એકમોમાં બનેલી ભેળસેળવાળી ચોક્કસ દવાઓના ઉત્પાદન અને વિતરણને લગતા ગંભીર ગુનામાં દોષ સ્વીકારતા રેનબેક્સીની અમેરિકાની પેટા કંપની ૫૦ કરોડ ડોલર ચૂકવવા સંમત થઇ છે. કોઇ જેનેરિક દવા ઉત્પાદકે કરેલું અત્યાર સુધીનું આ સૌથી મોટું સમાધાન છે.યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, જેનેરિક દવા ઉત્પાદક સાથે અત્યાર સુધીના સૌથી મોટા ડ્રગ સેફ્ટી સેટલમેન્ટમાં ભારતીય જેનેરિક ફાર્માસ્યુટિકલ ઉત્પાદક રેનબેક્સી લેબોરેટરીઝના પેટા કંપની રેનબેક્સી યુએસએ ભારતના બે ઉત્પાદન એકમોમાં ભળેસળવાળી ચોક્કસ દવાઓના ઉત્પાદન અને વિતરણને લગતા ગંભીર ગુનામાં દોષ સ્વીકાર્યો છે.નિવેદનમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે રેનબેક્સી અપરાધિક દંડ સ્વરૂપે ૧૫ કરોડ ડોલર અને ખોટા દાવાઓના કાયદા હેઠળ દીવાની દાવાઓની પતાવટ માટે ૩૫ કરોડ ડોલર ભરપાઇ કરવા સંમત થઇ છે.

# ભાજપને મોટો ઝટકો : સોરહાબુદ્દીન એન્કા.માં કટારીયા આરોપી

**અમદાવાદ, તા. ૧૪**

સોહરાબુદ્દીન એન્કાઉન્ટર કેસમાં સીબીઆઇએ રાજસ્થાનના ભૂતપૂર્વ ગૃહપ્રધાન ગુલાબચંદ કટારીયાને આરોપી બનાવ્યા છે. સૂત્રો દ્વારા મળી રહેલી માહિતી અનુસાર આ મામલે સપ્લીમેન્ટ્રી ચાર્જશીટ રજૂ કરાઇ છે જેમાં કટારીયા સહિત ચાર લોકોને આરોપી બનાવાયા છે. સીબીઆઇએ પોતાની ચાર્જશીટમાં કટારીયાને અમિત શાહ અને માર્બલ વ્યવસાયી વિમલ પાટણી વચ્ચેની કડી ગણાવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૦૫માં ગુજરાત પોલીસે નકલી એન્કાઉન્ટરમાં સોહરાબુદ્દીનને મારવાનો દાવો કર્યો હતો. આ એન્કાઉન્ટરને સોહરાબુદ્દીનના કુટુંબીજનો દ્વારા નકલી ગણાવવામાં આવ્યું હતું. ત્યારબાદ સોહરાબુદ્દીનનો સાથી તુલસી પ્રજાપતિનું પણ કથિત પોલીસ એન્કાઉન્ટરમાં મોત નિપજ્યું હતું.

મહત્વપૂર્ણ છે કે સોહરાબુદ્દીન એન્કાઉન્ટર કેસમાં થોડા સમય પહેલા જ સીબીઆઇ દ્વારા ગુલાબચંદ કટારિયાની ગાંધીનગર બોલાવી લાંબી પૂછપરછ

# અભિનવ બિન્દ્રાને ભારત રત્ન આપવાની માંગ

**એનઆરએઆઇનાં અધ્યક્ષ રનિંદરસિંહે વડાપ્રધાન કાર્યાલયને લખેલા એક પત્રમાં ભારત રત્ન માટે બિન્દ્રાનાનામની ભલામણ કરી**



**નવીદિલ્હી, તા. ૧૪**

ઓલિમ્પિકમાં ભારતને એકમાત્ર વ્યક્તિગત સુવર્ણ ચંદ્રક અપાવનારા નિશાનેબાજ અભિનવ બિન્દ્રાને ભારત રત્ન આપવાની ભલામણ ભારતીય રાષ્ટ્રીય રાયફલ સંઘે કરી છે.

એનઆરએઆઇનાં સલાહકાર બલજીતસિંહ શેઠીએ આ અંગે જણાવ્યું હતું કે અમે ભારત રત્ન માટે અભિનવનાં નામની ભલામણ મોકલી છે.તે ઇન્ડિયન શુટિંગનો નાયક બની ચુક્યો છે.તેની ઉપલબ્ધિઓ તમામ માટે પ્રેરણાદાયક છે.અમને લાગે છે કે તેને ભારત રત્ન મળવું જોઇએ.

અભિનવ બિન્દ્રાએ ૨૦૦૮માં બેઇજિંગમાં થયેલા ઓલિમ્પિકમાં દસ મીટર એર રાયફલ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કર્યો હતો.બિન્દ્રાનો આ સુવર્ણચંદ્રક ભારતે ૧૯૮૦માં મોસ્કોમાં હોકીમાં જીતેલા સુવર્ણ ચંદ્રક બાદનો પ્રથમ સુવર્ણ ચંદ્રક હતો.

એનઆરએઆઇનાં અધ્યક્ષ રનિંદરસિંહે વડાપ્રધાન કાર્યાલયને લખેલા એક પત્રમાં ભારત રત્ન માટે બિન્દ્રાનાનામની ભલામણ કરી હતી.

# બેંકો સોનાની આયાત નહીં કરી શકે: રિઝર્વ બેંકનો પ્રતિબંધ

**નવીદિલ્હી, તા. ૧૪**

રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાએ નિકાસની સોનાના ઘરેણાની ખરાખરી જરુરિયાતને પુરી કરવા બેંકો દ્વારા માત્ર રવાનગી આધારીત સોના-ચાંદીના આયાત પર જ નિયંત્રણ મુકવાની તેની દરખાસ્તને આજે જાહેર કરી હતી. આરબીઆઇએ તેના જાહેરનામામાં જણાવ્યુ હતું કે, સ્થાનીક વપરાશ માટે સોનાની માગને ઓછી કરવા નિકાસકારોની સોનાના ઘરેણાની ખરેખર જરૂરીયાતને પુરી કરવા જ બેંકો દ્વારા રવાનગી પુરતી જ સોનાની આયાતને નિયંત્રિત રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ઉપરની સુચનાઓ તાત્કાલીક રીતે અમલમાં આવશે.

આરબીઆઇના ગવર્નર ડી.સુબ્બારાવે ત્રીજી મેના રોજ તેમણી વાર્ષિક નાણાકીય નીતીના નિવેદનમાં જણાવ્યું હતું કે, સોનાની માગ માટેના ત્રણ સ્ત્રોતો છે વપરાશ, રોકાણ અને સટ્ટો જો ભાવ ઘટે તો વપરાશની માગ વધી શકે છે પરંતુ રોકાણ અને સટ્ટાકીય માગ ઓછી થઇ શકે છે. આરબીઆઇને ચાલુ ખાતાની ખાધના સંચાલક, નાણાકીય સ્થિરતાના સંચાલક અને વિસ્તૃત ગ્રાહક રક્ષણના કારણે ચિંતા છે. આ નિતીમાં એક પગલું બેંકોને કંધસાઇન્મેન્ટ આધારીત સોનાની આયાત કરવા પણ પ્રતીબંધ મુકવાનું છે, સિવાય કે તે નિકાસ માટે હોય.ભારતે છેલ્લા બે વર્ષમાં ૧૦૦૦ ટકા સોનાની આયાત કરે છે. ભારતે ૨૦૧૧-૧૨માં, ૧૦૬૪ ટન અને ૨૦૧૨-૧૩માં ૧,૦૧૫ ટન સોનાની આયાત કરી છે. સોનાની ભારે આયાતના કારણે ભારતની વિદેશી વ્યાપારની બેલેન્સશીટ ખોરવાઈ ગઈ છે. ભારતની ચાલુ ખાતાની ખાધને વધારવામાં સોનાની આયાતનો ફાળો મોટો રહયો છે. દેશની ચાલુ ખાતાની ખાધ ૨૦૧૨-૧૩ના ત્રીજા કવાર્ટરમાં જીડીપીના ૬.૭ ટકાના ઐતિહાસિક સ્તરે વધી ગઈ હતી.

એપિલમાં ભાવ ઘટી જવાથી સોનાની આયાતો ૧૩૮ ટકા વધીને ૭.૫ અબજ ડોલર થઈ હતી. એચડીએફસી બેન્કના એમડી અને સીઈઓ, આદિત્ય પુરીએ ત્રીજી મેના રોજ આરબીઆઈની વાષિક નિવેદન પછી માધ્યમો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે તમે જો સોનાની માગને જોશો તો વપરાશની માગ વધી નથી. તેથી આરબીઆઈ ઈચ્છે છે કે બેન્કો જે કરી રહી છે તેમાં ખુબ જ કાળજી રાખે જેથી તેઓ સોના માટે ભંડોળ પુરી પાડી રહી છે અથવા તેના ભાવમાં ઉછાળો લાવી રહી છે એવો આરોપ ન મુકાય.

# સીમિત દાયરાની તેજી સાથે બજાર બંધ

**સેન્સેક્સ ૩૧ પોઇન્ટ અને નિફ્ટી ૧૫ પોઇન્ટ વધ્યો : ફાર્મા શેરમાં ઉછાળો**

**મુંબઇ, તા. ૧૪**

મોંઘવારી નીચલી સપાટીએ પહોંચી હોવા છતાંય બજારમાં સીમિત દાયરામાં કારોબાર થતો રહ્યો. જોકે સોમવારના કડાકાની તુલનામાં આજે બજારમાં તેજી રહી હતી. સેન્સેક્સ ૩૧ પોઇન્ટ વધીને ૧૯,૭૨૨ની સપાટીએ અને નિફ્ટી ૧૫ પોઇન્ટની તેજી સાથે ૫૯૯૫ની સપાટીએ બંધ થયો હતો. સ્થાનિક બજારમાં રેનબેક્સી નિફ્ટીની ટોપ ગેનર હી. કંપનીના શેરોમાં લગભગ ૩.૫ ટકાની તેજી રહી હતી. બેંક ઓફ બરોડા, સન ફાર્મા, પાવરગ્રિડ અને ઓએનજીસીના શેરોમાં પણ ૨થી ૨.૧ ટકાની તેજી જોવા મળી હતી. જ્યારે રેડ્ડીઝ લેબોરેટરીઝના શેરોમાં લગભગ ૨.૩ ટકાનો ઘટાડો નોંધાયો હતો. બજાજ ઓટો, એચસીએલટેક, બીએચઇએલ અને જેપી એસોસિએટના શેરોમાં ૧થી ૨ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. સેક્ટોરલ ઇન્ડાઇસિસમાં મિશ્રિત માહોલ જોવા મળ્યો. હેલ્થકેર અને ટેક ક્ષેત્રની કંપનીઓના શેરોમાં ખરીદી વધવાને પગલે ઇન્ડાઇસિસમાં લગભગ ૦.૬ ટકાની તેજી નોંધાઇ હતી. આ ઉપરાંત પીએસયુ, પાવર અને ઓઇલ એન્ડ ગેસ ઇન્ડાઇસિસમાં મજબૂતી જોવા મળી હતી. ત્યાં કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઇન્ડાઇસિસમાં ૧.૧ ટકાનો ઘટાડો રહ્યો હતો. રિયલ્ટી અને ઓટો ઇન્ડાઇસિસમાં પણ હળવો ઘટાડો જોવા મળ્યો હતો. સકારાત્મક સમાચારોના આધારે રેનબેક્સી લેબોરેટરીઝ, એલ્ડર ફાર્મા, આયશર મોટર્સ, એપ્ટેકના શેરોમાં તેજી જોવા મળી હતી.

# માધુરીને કિસ કરવા મે દિગ્દર્શકને લાંચ આપી હતી : રણવીર

**મુંબઇ, તા. ૧૪**

હાલમાં રણવીર પોતાની આગામી ફિલ્મ યે જવાની હૈ દીવાનીનાં પ્રમોશનમાં વ્યસ્ત છે અને આ ફિલ્મમાં તેણે માધુરી સાથે એક આઇટમ સોંગમાં કામ કર્યુ છે જે તેની ફેવરિટ અભિનેત્રી હોવાનું રણવીરે જણાવ્યું હતું તેણે જણાવ્યું હતું કે આ ડાન્સ દરમિયાન માધુરીના ગાલે કિસ કરવા મે દિગ્દર્શકને ભારે લાંચ આપી હતી.

આ પહેલા પણ માધુરી તરફની પોતાની લાગણી વ્યક્ત કરી ચુકેલા રણવીરે જણાવ્યું હતું કે તે માધુરીનો એટલો પ્રશંસક હતો કે જ્યારે તેણે લગ્ન કર્યા ત્યારે તે ચોધાર આંસુએ રડી પડ્યો હતો અને હાલમા જ તેને પોતાની આ ફેવરિટ અભિનેત્રી સાથે કામ કરવા મળ્યું હતું. અયાન મુખર્જીની યે જવાની હૈ દીવાનીમાં માધુરીએ એક આઇટમ સોંગ કરવાનો સ્વીકાર કર્યો હતો જેમાં તેને રણવીર સાથે કામ કરવાનુ હતું. રણવીર પણ પોતાની આ ફેવિરિટ અભિનેત્રીને જોઇને ખુશ થઇ ગયો હતો તેણે જણાવ્યું હતું કે તેની સાથે ડાન્સ કરીને મજા આવી હતી પણ આ ગીતમાં મારે માધુરીના ગાલે કિસ કરવી હતી જે સીન માટે મારે દિગ્દર્શકને લાંચ આપવી પડી હતી. જોકે આમ તો ગયા વર્ષે જ્યારે તે પોતાની ફિલ્મ બરફીનાં પ્રમોશન માટે ઝલક દિખલાજામાં ગયો ત્યારે પણ તેણે માધુરી સાથે ડાન્સ કર્યો હતો.



# ૨૦૦ લોકોને લઇ જઇ રહેલી હોડી પલટતા ૧૯૯ના મોત

**મ્યાનમારના રાખિને પ્રાંતમાં બનેલો બનાવ : મહાસેન તોફાનના ખતરાને ધ્યાનમાં રાખતા સુરક્ષિત સ્થળે લોકોને લઇ જવામાં આવી રહ્યાં હતાં ત્યારે હોડીને અકસ્માત નડ્યો**

**યાંગૂન, તા. ૧૪**

મ્યાંમારમાં ૨૦૦ લોકોને લઇને જઇ રહેલી એક હોડી પલટી જતાં તેમાં સવાર ૧૯૯ લોકોના મોત થયા હતાં જ્યારે માત્ર એક જ વ્યક્તિ બચી છે. દેશના પશ્ચિમી વિસ્તારમાં રાખિને પ્રાંતમાં પોકતવામાં ચક્રાવાતી તોફાન મહાસેનના ખતરાને ધ્યાનમાં રાખતા નીચાણવાળા વિસ્તારોમાં બનેલી શિબિરો ખાલી કરાવવા માટે આ લોકોને હોડીમાં બેસાડી લઇ જવામાં આવી રહ્યાં હતાં ત્યારે આ ઘટના બની હતી.

સંયુક્ત રાષ્ટ્ર કાર્યાલયમાં માનવાધિકાર બાબતોના સમન્વયક ક્રિસ્ટન મિટ્રેને ટીવી ન્યુઝ ચેનલ અલઝઝીરાને જણાવ્યું હતું કે ૨૦૦ લોકોને લઇને જઇ રહેલી હોડીને અકસ્માત નડ્યો હતો જેમાંથી માત્ર એક જ વ્યક્તિ જીવિત રહી છે. માનવાધિકાર બાબતોના પ્રમુખ બારબરા મંજીએ કહ્યું કે હોડી ખડક સાથે અથડાઇ હતી. મ્યાન્માર સરકારએ કહ્યું કે ચક્રાવાતી તોફાન મહાસેન અત્રે પહોંચે તેવી શક્યતાને ધ્યાનમાં રાખતા નીચાણવાળા



સ્થળોએ વસવાટ કરી રહેલા લોકોને સુરક્ષિત સ્થળે લઇ જવાનું કામ ઝડપથી થઇ રહ્યું છે. તેમણે હોડીમાં સવાર લોકોની સંખ્યા અંગે માત્ર એટલું જ કહ્યું કે આ હોડીમાં ઘણા લોકો સવાર હતાં. દરમ્યાન સેનાના સતર્કતા સૂત્રોએ જણાવ્યું કે આજે સવારે થયેલા આ હાદસામાં ૫૦ લોકોના મોત થયા છે. એક અન્ય અધિકારીએ દુર્ઘટનામાં કમ સે કમ ૧૦૦ લોકોના મોત થયા હોવાનું જણાવ્યું હતું. સરકારી સ્તરે હજી સુધી એ સ્પષ્ટ થઇ શક્યું નથી કે આ હોડીમા ખરેખર કેટલા લોકો સવાર હતાં?

# કેન્સરનાં ભયે જોલીએ સ્તન કઢાવી નાંખ્યા

**૩૭ વર્ષીય અભિનેત્રી અને છ સંતાનોની માતા એવી એન્જેલિના જોલીએ જણાવ્યું હતું કે તબીબોએ તેને ૮૯ ટકા સ્તન કેન્સર અને ૫૦ ટકા અંડાશયના કેન્સરની શક્યતા વ્યક્ત કરી હતી**

**ન્યુયોર્ક, તા. ૧૪**

હોલિવુડની ટોચની અભિનેત્રી એન્જેલિના જોલી હંમેશા કંઇક અલગ કરવા માટે જ વિખ્યાત છે અને તે જે કરે છે તે હંમેશા ચોંકાવનાર હોય છે અને હાલમાં પણ તેણે પોતાની સંતાનોની તે છિનવાઇ જશેની લાગણીને માન આપીને જે પગલું ભર્યુ છે તે પગલું ભરતા કોઇ પણ અભિનેત્રી ખચકાટ જ અનુભવે પણ તેનામાં સ્તન કેન્સરની શક્યતાઓ વધતા જોલીએ ઓપરેશન કરીને સ્તન કઢાવી નાંખ્યાની જાણકારી મીડિયાને આપી હતી આ પહેલા ન્યુયોર્ક ટાઇમ્સે જોલીને સ્તન કેન્સર હોવાના અહેવાલ જાહેર કર્યા હતા જેના ખુલાસામાં જોલીએ આ વાત કરી હતી.

૩૭ વર્ષીય અભિનેત્રી અને છ સંતાનોની માતા એવી એન્જેલિના જોલીએ જણાવ્યું હતું કે તબીબોએ તેને ૮૯ ટકા સ્તન કેન્સર અને ૫૦ ટકા અંડાશયના કેન્સરની શક્યતા વ્યક્ત કરી હતી આથી અગમચેતીનાં ભાગ રૂપે અને બની શકે તેટલું જોખમ ઘટાડવા માટે આ નિર્ણય કર્યો હતો.આ પ્રક્રિયા ફેબ્રુઆરી મહિનામા શરૂ થઇ હતી અને એપ્રિલમાં પુરી થઇ હતી. બાય મેડિકલ ચોઇસ નામનાં લેખમાં જોલીએ ખુલાસો કર્યો હતો કે તેની માતા કેન્સરથી લાંબો સમય પીડાયા બાદ મોતને ભેટી હતી. પણ તે તેના સંતાનોને એ વિશ્વાસ આપવા માંગતી હતી કે તે આ બિમારીથી દુર થઇ શકે છે.તેણે એ ખુલાસો કર્યો હતો કે તેનાં ખરાબ જીન્સને કારણે તે આ રોગની વધારે શક્યતા ધરાવતી હતી.

આ જટિલ સર્જરી લગભગ નવ સપ્તાહ ચાલી હતી.તેણે આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન બ્રાડ પીટે તેને આપેલા સહયોગ અને પ્રેમની ભારે પ્રશંસા કરી હતી. તેણે આ લેખમાં જણાવ્યું હતું કે આશા છે કે આ લેખ વાંચીને આ સ્થિતિનો સામનો કરી રહેલી મહિલાઓને તેમની પાસે વિકલ્પ હોવાની જાણ થશે.ખાસ કરીને જે મહિલાઓનાં પરિવારમાં સ્તન કેન્સરનો ઇતિહાસ હોય તેમને હું પ્રોત્સાહન આપવા માંગું છું.

# કોંગ્રેસ દ્વારા મોદીને રમખાણોનાં મામલે ફસાવવાની તૈયારી

**નવી દિલ્હી, તા. ૧૪**

સર્વોચ્ચ અદાલત અને વિપક્ષનાં દબાણમાં ગત સપ્તાહે બે મંત્રીઓનાં રાજીનામાનાં ખેલ બાદ કોંગ્રેસે હવે ભાજપને ઘેરવાની તૈયારીઓ કરી લીધી છે.

દુરસંચાર મંત્રી કપિલ સિબ્બલે કાયદામંત્રીનો પ્રભાર સંભાળતા જ જાહેરાત કરી હતી કે તેઓ મોદી વિરૂદ્ધ ટુંક સમયમાં જ મોટો ધડાકો કરશે.જેનાથી ભાજપનાં બેવડા માપદંડો લોકોની સામે પ્રકાશમાં આવશે.કપિલ સિબ્બલે ગુજરાતનાં મુખ્યમંત્રીને આડે હાથે લેતા જણાવ્યું હતું કે તેઓ ટુંક સમયમાં જ મોદી વિરૂદ્ધ મોટો ખુલાસો કરવાના છે.

એક ન્યુઝચેને સુત્રોનાં હવાલે જણાવ્યું હતું કે ગુજરાતનાં તોફાનો સાથે સંકળાયેલા એક મામલામાં મોદીનાં પ્રધાન સચિવ, સરકારી વકીલ અને જાણીતા વકીલ રામ જેઠમલાણી એક બીજાનાં સંપર્કમાં હતા.હાલમાં યુપીએ સરકાર ચોતરફથી ઘેરાયેલી છે અને આગામી વર્ષે તેમને ચુંટણીનો સામનો કરવાનો છે ત્યારે તેઓ મોદીને ઘેરવા માટે તૈયાર છે.

જો કે ગુજરાતનાં રમખાણો મામલે ના તો મુખ્યમંત્રી સામે કોઇ ફરિયાદ થઇ છે નાતો તેમની વિરૂદ્ધ કોઇ પુરાવો મળ્યો છે.સુપ્રીમ કોર્ટનાં નિર્દેશ પર રચાયેલી એસઆઇટીએ પણ મોદીને ક્લિન ચીટ આપી દીધી છે.ત્યારે હાલમાં પોતાના કૌભાંડોને કારણે મુશ્કેલીમાં મુકાયેલી યુપીએ સરકારનું



નેતૃત્વ કરનાર કોંગ્રેસ ભાજપનાં હુકમનાં એક્કા સમાન મોદીને ઘેરીને ભાજપને મુશ્કેલીમાં નાંખવાનો પ્રયાસ કરે તેવી શક્યતા છે.

# રાજ્યનાં ૬૮૭ ગામો ટેન્કરનાં સહારે

**મે ના અંત સુધીમાં રાજ્યના ૧૦૦૦ ગામોમાં પાણીના ટેન્કરો દોડાવવાની ફરજ પડે એવી શક્યતા**

**અમદાવાદ, તા. ૧૪**

ઉનાળાની કાળઝાળ ગરમીના

મે મહિનાથી હજુ શરૂઆત છે મે ના પહેલા અઠવાડિયું પસાર થયુ છે.અને રાજ્યના ૬૮૭ ગામોને ટેન્કરોથી પાણી પુરૂ પાડવાની નોબત આવી પડી છે. મે મહિનો જેમ જેમ આગળ વધતો જાય છે તેમ તેમ રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં પાણીનુ અભૂતપૂર્વ સંકટ સર્જાશે એવી ભીતિ છે.

મહેસુલ વિભાગના ટોચના સુત્રોના જણાવ્યા અનુસાર ચૈત્રમા અષાઢી મેઘનો માહોલ છવાતા રાજયના અછત અને અર્ધઅછત ધરાવતા ગામોમાં પાણી અને ઘાસચારાની કટોકટી હળવી બની છે.

સ્થાનિક ધારાસભ્યો કે જેલ્લા તાલુકા પંચાયત સ્તરના હોદ્દેદારો તરફથી અછતને કારણે લોકોને હિઝરત કરવી પડી હોય એવીરજુઆત આવી નથી. કચ્છમાં પક્ષી પશુઓ માટે બે રૂપિયે કિલોના ભાવથી લીલું અને સુકુ ઘાસ જોઈએ એટલું મળી રહે છે.અલબત્ત પાણીનો પોકાર તો ગ્રામીણ વિસ્તારોમાં છે. જૂનાગઢ જિલ્લાના સૌથી વધુ ૨૯૭ ગામ તરસ્યા હોઈ આ ગામોમાં ૩૧૩ ટેન્કરો મારફતે પાણી પહોંચાડાય છે.

જામનગરના ૧૫૨ ગામોમાં ૧૬૧ ટેન્કર પાણી પહોંચાડે છે.રાજકોટના ૧૨૧ ગામમાં ૧૨૧ ટેન્કર, કચ્છના ૪૧ ગામમાં ૧૦ ટેન્કર, પોરબંદરના ૩૦ ગામમાં ૨૨ ટેન્કર, અમરેલીના ૨૫ ગામમા ૨૩ ટેન્કર, પાટણના ૧૧ ગામમાં ૪ ટેન્કર અને બનાસકાંઠાના ૧૦ ગામમાં ૫ ટેન્કર મારફતે ગ્રામવાસીઓની તરસ બુઝાવાય છે.

રાજ્યના કુલ ૬૮૭ ગામ-પરામાં ૬૬૦ ટેન્કરો દ્વારા પાણી પુરૂપાડવામાં આવે છે તેમ જણાવતા આ સુત્રો વધુમાં જણાવે છે કે જૂનાગઢમાં મહિના પાણીનો સપ્લાય ઓછો થઈગયો છે.તો કચ્છમાં કૂવાના પાણી ખારા થઈ ગયા છે. અન્ય જિલ્લાઓમાં સ્થાનિક સોર્સમાં અપૂરતુ પાણી મળવાને કારણે ટેન્કરો દોડાવવાની સરકારને ફરજ પડી છે જો કે ૯૦ ટકા ટેન્કરો ખાનગી કોન્ટ્રાક્ટરોના છે!!

રાજ્યમાં જેમ જેમ ગરમીનો પારો વધતો જાય છે તેમ તેમ ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની કાયમી અછત ઉભી થતી જાય છે. દરરોજ ગામની સંખ્યા અને ટેનકરની સંખ્યામાં વધારો થતો જાય છે. સૌરાષ્ટ્ર-કચ્છ ઉપરાંત ઉત્તર ગુજરાતના પાટણ અને બનાસકાંઠા જીલ્લામાં પણ લોકો પાણીનો પોકાર પાડે છે. મે ના અંત સુધીમાં રાજ્યના ૧૦૦૦ ગામોમાં પાણીના ટેન્કરો દોડાવવાની ફરજ પડે એવી શક્યતાઓ છે.

# જમાલપુર એએમટીએસનાં ગોડાઉનમાં આગ

**અમદાવાદ, તા. ૧૪**

ગઈકાલે મોડી રાત્રે જમાલપુર એ.એમ.ટી.એસ. વર્કશોપમાં ફટાકડાને કારણે આગ ફાટી નીકળતાં ભારે નાસભાગ મચી જવા પામી હતી. આ અંગેની જાણ ફાયરબ્રિગેડને કરવામાં આવતા ફાયરબ્રિગેડના જવાનો તાત્કાલિક જમાલપુર એ.એમ.ટી.એસ. વર્કશોપમાં મોડી રાત્રે આગ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. અને આગ પર કાબૂ મેળવી લીધો હતો.આ અંગેની વિગત એવી છે કે ગઈકાલે મોડી રાત્રે શહેરના જમાલપુર વિસ્તારમાં એ.એમ.ટી.એસના વર્કશોપમાં ફટાકડાને કારણે ભીષણ આગ ફાટી નીકળી હતી એ.એમ.ટી.એસ.ના વર્કશોપમાં ટાયર ટયુબનો ભંગાર પડયો હતો. પરંતુ ફટાકડાને કારણે વર્કશોપમાં આગ લાગતા ટાયર ટયુબ બળવાની દુર્ગંધ આવતા સ્થાનિકો ઘરની બહાર દોડી આવ્યા હતા.વર્કશોપમાંથી ધૂમાડાના ગોટેગોટા નીકળતાં જોઈ સ્થાનિકો ચોંકી ઉઠયા હતા. અને આ અંગેની જાણ ફાયરબ્રિગેડને કરવામાં આવતા ફાયરબ્રિગેડના જવાનો તાત્કાલિક ઘટનાસ્થળે આવીપહોંચ્યા હતા અને આગ પર કાબૂ મેળવી લેતાં સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો.આગ કાબૂમાં આવી ગઈ હતી પરંતુ ટાયરટયુબનો ભંગાર બળીને ખાખ થઈ ગયો હતો.

# રાજ્ય સરકારની રોક સામે સીટ સુપ્રિમમાં જાય એવી શક્યતા

**અમદાવાદ, તા. ૧૪**

ગોધરા કાંડ પછી રાજયભરમાં ફાટી નીકળેલા તોફાનો દરમ્યાન નરોડા પાટીયા ખાતે સર્જાયેલ નૃશંસ હત્યાકાંડમાં સંડોવાયેલા મનાતા મુખ્ય આરોપીઓ ડો.માયાબેન કોડનાની તથા બાબુ બજરંગીને ફાંસીની સજા માટે સીટને હાઈકોર્ટમાં અપીલ કરવા રાજ્ય સરકાર તરફથી મંજુરી આપવામાં આવી હતી. પરંતુ રાજ્ય સરકારના આ નિર્ણય સામે લોકોમાં ભારે ખળભળાટ મચી ગયો હતો. તો બીજી તરફ હિંદુત્વવાદી સંગઠનોએ આ પ્રકારના નિર્ણય સાથે પોતાનો અણગમો વ્યક્ત

કર્યો હતો. ત્યારે જ્યારે આગામી સમયમાં પેટા ચુંટણી અને ત્યારબાદ લોકસભામાં ભાજપને સાથ આપનાર હિન્દુ સવર્ણોનાં મતોમાં ગાબડુ પડવાની વાત રાજ્ય સરકારને કાને આવી હોવાને કારણે આખરે તેમણે આ મામલે યુ ટર્ન લીધો હતો અને તેમણે આ વિચાર પડતો મુક્યો હતો જો કે આ નિર્ણય રાજ્ય સરકારનો ન હતો પણ સીટનો હતો અને તેણે સરકાર પાસે આ મંજુરી માંગી હતી આથી તે આ મંજુરી માટે અદાલતનો દરવાજો ખખડાવે તેવી શક્યતા છે.

આમ, હિંદુત્વવાદી સંગઠનોના ભારે વિરોધ પછી સરકારે સીટને મંજુરી આપવાનો નિર્ણય મોકૂફ રાખ્યો છે. હિંદુત્વવાદી સંગઠનોના દબાણને કારણે ભાજપ સરકારે પુનઃ વિચારણા કરીને નિર્ણય રદ કર્યો છે. જેને કારણે ડો.માયાબેન કોડનાની અને બાબુ બજરંગીને હાલ પૂરતી રાહત મળી છે. હિંદુત્વવાદી સંગઠનોના દબાણ આગળ ભાજપ સરકારને ઝુંકવુ પડ્યુ છે. રાજ્ય સરકારે એડવોકેટ જનરલનો અભિપ્રાય માંગ્યો છે. જો કે 'સીટ' રાજ્ય સરકારના આ નિર્ણય સામે સુપ્રિમ કોર્ટમાં જઈ શકે છે.

# ભાજપાની વિજય વિશ્વાસ બેઠક સ્ટાફ ટ્રેનીંગ કૉલેજ ખાતે ૧૫ મેના રોજ યોજાશે

**અમદાવાદ, તા. ૧૪**

ગુજરાતમાં ૨ જૂનના રોજ યોજાનારી ૨ (બે) લોકસભા અને ૪ (ચાર) વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીના અનુસંધાનમાં ભાજપાની વિજય વિશ્વાસ બેઠક ૧૫ મેના રોજ સ્ટાફ ટ્રેનીંગ કૉલેજ, ગાંધીનગર ખાતે બપોરે ૩.૦૦ કલાકે મળશે. આ બેઠકમાં ભાજપાના પ્રદેશ આગેવાનો ઉપસ્થિત રહીને પેટા ચૂંટણીમાં ભવ્ય વિજય માટેની રણનીતિને આખરી ઓપ આપશે અને કાર્યકરોને માર્ગદર્શન આપશે. ભાજપાના પ્રદેશ પ્રવક્તા શ્રી આઈ. કે. જાડેજાએ આ અંગે વિગતો આપતાં જણાવ્યું હતું કે, આ બેઠકમાં પોરબંદર, બનાસકાંઠા, રાજકોટ જીલ્લો, જુનાગઢ જીલ્લો, સુરેન્દ્રનગર, પંચમહાલ જીલ્લાના પાર્ટીના પ્રમુખ, મહામંત્રીશ્રીઓ, પ્રદેશ મોરચાના પ્રમુખશ્રીઓ, વિવિધ મોરચાના પૂર્વ પ્રદેશ પ્રમુખ તેમજ પ્રદેશ હોદ્દેદારશ્રીઓ, જુદા-જુદા વિવિધ ચૂંટણીલક્ષી સેલના કન્વીનરશ્રીઓ તેમજ જે જીલ્લામાં ચૂંટણી યોજાવાની છે તે જીલ્લાના વિવિધ મોરચાના પ્રમુખ-મહામંત્રીશ્રી સહિત અપેક્ષિત કાર્યકરો ઉપસ્થિત રહેશે. તેઓએ વધુમાં જણાવ્યું છે કે, ગુજરાત રાજ્યમાં જે છ બેઠકોની પેટા ચૂંટણી યોજાવાની છે તે તમામ બેઠકો કોંગ્રેસ પાસેથી ભાજપા આંચકી લેવાના સંકલ્પ સાથે ચૂંટણીના રણ મેદાનમાં ઉતરશે અને ભવ્ય વિજયના આયોજનને આ બેઠકમાં આખરી ઓપ આપશે.

# પેટા ચુંટણી માટે ભાજપનાં ઉમેદવાર જાહેર

**ગાંધીનગર, તા. ૧૪**

કોંગ્રેસે પેટા ચુંટણી માટે ઉમેદવારો જાહેર કર્યા બાદ ભાજપે પણ પોતાના ઉમેદવાર જાહેર કર્યા છે. વિધાનસભાની ચાર અને લોકસભાની બે બેઠકો પર ઉમેદવારોનાં નામ ફાઇનલ કરવા અંગે રાજ્ય અને ભાજપ હાઇકમાન્ડ વચ્ચે થોડી દુવિધાઓ બાદ નામોની જાહેરાત કરાઇ છે.

લોકસભાની પોરબંદર બેઠક પર ભાજપે વિઠ્ઠલ રાદડિયાનું નામ જાહેર કર્યુ છે.જેઓ ગત ચુંટણીમાં કોંગ્રેસની ટિકીટ પરથી ધોરાજી બેઠક પર ચુંટાઇ આવ્યા હતા. પણ ત્યારબાદ તેમણે કોંગ્રેસનો પંજો છોડીને ભાજપનું કમળ અપનાવ્યું હતું. તો લોકસભાની બનાસકાંઠા બેઠક માટે હરિભાઇ ચૌધરીનું નામ જાહેર કરાયું છે.તેઓ છેલ્લા ઘણાં વર્ષોથી ઉત્તર ગુજરાતનાં રાજકારણમાં સક્રિય છે અને પટેલ તથા ચૌધરી સમુદાયમાં તેઓ સારો પ્રભાવ ધરાવે છે.તો વિધાનસભાની લીંબડી બેઠક માટે કિરીટસિંહ રાણાનું નામ જાહેર કરાયું છે.કિરીટસિંહ રાણાનો ગત વિધાનસભાની ચુંટણીમાં સોમાભાઇ પટેલ સામે પરાજય થયો હતો.આ ઉપરાંત ધોરાજી બેઠક માટે આર સી ફળદુ અને રૂપાલાનાં નામો ચર્ચામાં હતા પણ આખરે પ્રવીણભાઇ માંકડિયાનું નામ ફાઇનલ કરાયું હતું.તો જેતપુર બેઠક પર વિઠ્ઠલ રાદડિયાનાં પુત્ર જયેશ રાદડિયા અને મોરવા હડફ બેઠક પર નિમિષા સુથારનું નામ જાહેર કરાયું હતું. આમ આ નામોની જાહેરાત સાથે લોકસભા અને વિધાનસભા બેઠકોની પેટાચુંટણીનું ચિત્ર સ્પષ્ટ થઇ ગયું છે.

# ગુજરાતના એક દિવસના પ્રવાસે રવિશંકર પ્રસાદ

**અમદાવાદ, તા. ૧૪**

ભાજપાના પ્રદેશ મીડીયા ઈન્ચાર્જ ડૉ. જગદીશ ભાવસારે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, કોંગ્રેસના નેતૃત્વમાં દેશમાં કાર્યરત કેન્દ્રની ભ્રષ્ટ યુ.પી.એ. સરકારે ભ્રષ્ટાચારનો ભોરીંગ સર્જી દેશની અર્થવ્યવસ્થાને ધૂળ-ધાણી કરી નાંખી છે. ગોટાળામાં ફસાયેલી સરકારના એક ડઝન મંત્રીઓને રાજીનામાં આપવા પડયા છે અને વડાપ્રધાન સામે પણ ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપવાના આરોપ થઈ રહ્યા છે. ભાજપા સમગ્ર દેશમાં ભ્રષ્ટાચાર સામે આંદોલન ચલાવી રહ્યું છે. આ આંદોલનને વેગવંતુ બનાવવા, "કોંગ્રેસ હટાવો, દેશ બચાવો" માંગણીને બુલંદ કરવા અને વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહ રાજીનામુ આપે માંગણીને લઈ ભાજપાના રાષ્ટ્રીય નેતાઓ સમગ્ર દેશમાં ૧૨ મે થી ૧૭ મે પ્રવાસ કરી રહ્યા છે તેના ભાગરૂપે ભાજપાના રાષ્ટ્રીય નેતા અને



રાજ્યસભાના વિપક્ષના ઉપનેતા ધારાશાસ્ત્રી શ્રી રવિશંકર પ્રસાદ ૧૫ મેના રોજ ગુજરાતના એક દિવસીય પ્રવાસે આવશે. શ્રી રવિશંકર પ્રસાદજી વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપી સાંજે પત્રકાર પરિષદને સંબોધશે.

# શ્રીલંકામાં મહાસેનનો કહેર : ૯ના મોત

**કોલંબો, તા. ૧૪**

શ્રીલંકાના ઉત્તારી અને પૂર્વીય ભાગોમાં ચક્રવાતી તોફાન મહાસેનના કારણે થયેલા ભારે વરસાદે ઓછામાં ઓછા ૯ લોકોનો ભોગ લીધો હોવાનું જાણવા મળેલ છે. આ તોફાનને કારણે ૩૦૦૦ લોકો ઘરવિહોણાં થયા છે. આફત સંચાલન કેન્દ્રે જણાવ્યું કે ઓછામાં ઓછા નવ લોકો માર્યા ગયા છે તેમજ તોફાનને કારણે બે લોકો અત્યારે ગુમ થયા છે. સેન્ટરના પ્રવક્તા લાલ સરથ કુમારે જણાવ્યું હતું કે, તોફાનની ઝપેટમાં આવેલા ૨૮૦૦થી પણ વધારે લોકોના માટે અમારી પાસે ચાર વિસ્થાપિત શિબિર છે. બંગાળની ખાડીના દક્ષિણ-પૂર્વમાં બનેલા ચક્રવાતી તોફાનની ગતિ હવે ધીમી પડી ગઇ છે અને આ જાફનાના ઉત્તર-પૂર્વમાં ૭૫૦ કિલોમીટરની દૂરી પર સ્થિત છે.

પહાડી વિસ્તારોમાં ભૂસ્ખલનની ચેતવણી જારી કરવામાં આવી છે જ્યાં કેટલાક વિસ્તારોમાં સતત વરસાદ પડી રહ્યો છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, મોસમની ચેતવણીની અવગણના કરનારી લગભગ ૬૦ હોડીઓને પૂર્વ કિનારે બચવું પડ્યું.

# પોલીસ તાકી જ રહી અને લુંટારાઓ ફરાર થઇ ગયા

**અમદાવાદ, તા. ૧૪**

કુટુંબીજનો સાથે કારમાં જતાં અનેકને અટકાવતી પોસીસે તેની નજર સામેથી પસાર થી રહેલા લૂંટારૂઓને અટકાવ્યા ન હતા. આ લૂંટારૂ તુલિપ બંગ્લોઝમાંથી રૂ. ચાર લાખની લૂંટ ચલાવીને કારમાં પોલીસની નજર સમક્ષ ફરાર થઈ ગયા હતા.

તુલિપ બંગલોઝમાં લૂંટ થયાની ખબર મળતા પોલીસે ચાંપતો બંદોબસ્ત ગોઠવ્યો હતો. સેટેલાઈટ પોલીસે આ લૂંટ સમયે તે વિસ્તારમાં એક સ્કોર્પિયો કાર જોવા મળેલી તેવી માહિતી પણ પોલીસને આપી હતી, તેમ છતાં પોલીસ લૂંટારૂઓને ઝડપવામાં નિષ્ફળ ગઈ હતી. લૂંટારૂઓએ સિક્યોરિટી ગાર્ડને નહેરૂનગર ક્રોસ રોડ તરફ જવાના માર્ગે વિશે પૂછપરછ કરી હતી અને એ સમયે પોલીસ વેન પણ ત્યાં હાજર હતી, તેમ છતાં પોલીસ લૂંટારૂઓને ઓળખવામાં થાપ ખાઈ ગઈ હતી.પોલીસે તે લૂંટારૂઓને બહારગામના માણસો સમજવાની ભૂલ કરી હતી અને તેથી જ પોલીસે તે કારને તપાસ્યા વિના જ જવા દીધી હતી. લૂંટારૂઓ સ્કોર્પિયો સાથે રાજસ્થાન તરફ ગયાની આશંકા પોલીસ સેવી રહી છે. આ કાર પણ રાજસ્થાનની હોવાનું અને તેથી જ આ લૂંટ સાથે રાજસ્થાનને સીધો સંબંધ હોવાનું પોલીસનું અનુમાન છે. જે સ્કોર્પિયો કારમાં લૂંટારૂ તુલિપ બંગલોઝ ખાતે આવ્યા હતા તે તેમજ બંગલોઝ ખાતેથી તેમણે જે સેન્ટ્રો કાર ચોરી તે બંને ગાડી વૈષ્ણોદેવી સર્કલ નજીક જોવા મળી હતી. પોલીસે બંગલોઝ ખાતે કામ કરતી પરપ્રાંતીય કામવાળીની પણ પૂછપરછ કરી છે.

# ભારતીયોને એક જ દિવસમાં મળશે બ્રિટિશ વીઝા

**બ્રિટન દ્વારા વિશ્વમાં સૌપ્રથમ ભારત માટે શરૂ કરેલ સુપર પ્રાયોરિટી વીઝા અરજી કરી હોય તે જ દિવસે મેળવવા માટે વધારાના ૬૦૦ પાઉન્ડ ચૂકવવા પડશે**

**(યુએનએસ)**

**લંડન, તા. ૧૪**

બ્રિટને ભારતીયો માટે સુપર પ્રાયોરિટી વીઝા શરૂ કર્યો છે. આ સેવા અંતર્ગત તત્કાલ યાત્રાના ઈચ્છુક લોકોને ૬૦૦ પાઉન્ડ (લગભગ ૫૦ હજાર રૂપિયા) વધારાના ચૂકવતા અરજી કરી હોય તે જ દિવસે વીઝા મળી જશે. બ્રિટન વતી વિશ્વના કોઈ પણ દેશ માટે શરૂ કરવામાં આવેલ આ એક પ્રકારની પહેલી સેવા છે.

બ્રિટનના પ્રધાનમંત્રી ડેવિડ કેમરૂને ફેબ્રુઆરીમાં પોતાની ભારત યાત્રા દરમ્યાન આ વીઝા સેવા અંગે જાહેરાત કરી હતી. આ માટે ભારતમાં આજથી બુકિંગ શરૂ થઇ ગયું છે. ભારતમાં બ્રિટનના ઉચ્ચાયુક્ત સર જેમ્સ બીવેને કહ્યું કે મને એ વાતને લઇને અત્યંત ખુશી છે કે ભારતમાં સૌથી પહેલા સુપર પ્રાયોરિટી વીઝા સેવા પ્રારંભ કરવામાં આવી છે. એવું પહેલી વાર હશે જ્યારે ભારતીયોને અરજી કરવાના દિવસે જ બ્રિટન માટે વીઝા પ્રાપ્ત કરવાનો વિકલ્પ ઉપલબ્ધ રહેશે. આ વીઝા સેવાને વધારે બહેતર બનાવવાની અમારી વચનબદ્ધતા દર્શાવે છે. અમે આશા કરીએ છીએ કે નવી સેવા વેપારીઓ માટે ખાસ લાભદાયક સાબિત થશે. આ એ લોકોની જરૂરિયાત પૂર્ણ કરશે જેઓ અત્યંત ઓછા સમયની નોટિસ પર મુસાફરી કરવા માગે છે. તેમણે કહ્યું કે અમે ઇચ્છીએ છીએ કે ભારતીય વેપારીઓ અને ઉદ્યોગપતિઓ આ તકોનો લાભ ઉઠાવી શકે. ભારત અને બ્રિટન વર્ષ ૨૦૧૫ સુધી દ્વિપક્ષીય વેપાર બમણો કરવાના માર્ગે છે. સુપર પ્રાયોરિટી વીઝા આ લક્ષ્યને હાંસલ કરવામાં મદદગાર નિવડશે.



આ વીઝા એક વૈકલ્પિક સેવા છે. તે અંતર્ગત ભલે ગમે તે વીઝા માટે અરજી કરી હોય, વધારાના ૬૦૦ પાઉન્ડ ચૂકવીને સુપર પ્રાયોરિટી વીઝા પ્રાપ્ત કરી શકાય છે. જે દિવસે ઓનલાઇન અરજી કરવામાં આવશે એ દિવસે સાંજ સુધી વીઝા મળી જશે.

# ભેળસેળવાળા કેરીના રસનું વેચાણ કરતા વેપારીઓ પર આરોગ્ય અધિકારીઓની લાલ આંખ

**વિવિધ માર્કેટમાં ધંધો કરનાર કેરી ભંડારના માલિકો પાસેથી ૪૫,૪૦૦ રૂપિયાનો દંડ વસૂલ કર્યો**

**અમદાવાદ, તા. ૧૪**

ઉનાળાની શરૂઆત થતાંની સાથે જ કેરી અને કેરીના રસની માગ વધી છે અને આનો વેપારીઓ દ્વારા ગેરલાભ ઉઠાવવામાં આવી રહ્યો છે. કેરીના વેપારીઓ દ્વારા શરીર માટે હાનિકારક એવા કાર્બાઇડ પાવડર મૂકી કેરીઓનો જથ્થો પકવવામાં આવે છે. આ સિવાય કેરીનો રસ બનાવતી દુકાનોમાં પણ પૂરતી સ્વચ્છતા જાળવવામાં આવતી નથી. તેમ જ કેરીના રસમાં સિન્થેટીક કલર ઉમેરવામાં આવે છે. જે સ્વાસ્થ્ય માટે અત્યંત હાનિકારક છે. કેરીના વેપારીઓ દ્વારા નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડા કરવામાં આવતા હોવાથી અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનનું આરોગ્ય વિભાગ સજ્જ બન્યું છે. અને ફળ બજારમાં દરોડા પાડીને કૃત્રિમ રીતે પકવવામાં આવતા કેરીના જથ્થાનો નાશ કરવામાં આવે છે. તેમજ લોભી વેપારીઓ સામે પણ કડક પગલાં લેવામાં આવી રહ્યા છે. શુક્રવારના રોજ આરોગ્ય વિભાગના અધિકારીઓએ પૂર્વ ઝોનની ૧૨ જેટલી દુકાનોમાં દરોડો પાડીને કૃત્રિમ રીતે પકડવવામાં આવેલી ૨૦૦ કિલો કેરીના જથ્થાનો નાશ કર્યો છે. તેમ જ આ સિવાય કેરીનો રસ વેચતી બે જેટલી દુકાનોમાં દરોડો પાડીન સિન્થેટીક કલર વાળો ૧૦૦ કિલો જેટલો કેરીના રસનો નાશ કર્યો છે. અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના ૧૨ જેટલા અધિકારીઓએ ફળ અને કેરીનો રસ વેચતી ૧૧ જેટલી દુકાનો પર દરોડો પાડ્યો હતો. તેમ જ કેરીનો રસ બનાવતી દુકાનોમાં પૂરતી સ્વચ્છતા રાખવામાં આવે છે કે નહિ તેની પણ ચકાસણી કરવામાં આવી હતી. આરોગ્ય વિભાગના અધિકારીઓએ દરોડા પાડીને સરદાર પટેલ કોલોની પાસે આવેલા સરદાર ફ્રુટ સેન્ટર, નારણપુરામાં આવેલા શ્રીજી કોર્નર, માણેકબાગ પાસે આવેલા જય અંબે કેરી ભંડાર, યોગેશ્વર કેરી ભંડાર ધરણીધર પાસે આવેલા ધરણીધર કેરી ભંડારના માલિકો પાસેથી ૪૫,૪૦૦ રૂપિયાનો દંડ વસૂલ કર્યો છે.

# મ્યુનિસિપલ દ્વારા હોસ્પીટલોના વોર્ડ દત્તક આપવા ગંભીર વિચારણા

**અમદાવાદ, તા. ૧૪**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સંચાલિત હોસ્પીટલોમાં વોર્ડ દત્તક આપવામાં આવશે. અગ્રણી કોર્પોરેટ હાઉસ, મોટી કંપનીઓ, તથા સ્વૈચ્છીક સંસ્થાઓ, મ્યુનિસિપલ હોસ્પીટલોના વોર્ડ દત્તક લે એ હેતુસર ચાલુ વર્ષના બજેટમાં દરખાસ્ત કરવામાં આવી છે. અને આ હેતુસર યોજાનારી બજેટ રીવ્યુ મીટીંગમાં આ મુદ્દે ગંભીરપણે વિચારણા કરવામાં આવશે.

સુત્રોના જણાવ્યા અનુસાર અમદાવાદ શહેરમાં આવેલી કોર્પોરેશન સંચાલિત વી.એસ. હોસ્પીટલ, શારદાબેન, એલ.જી. હોસ્પીટલમાં દર્દીઓને વધુ સારી તબીબી સેવા પૂરી પાડી શકાય તેમજ અન્ય સુવિધા ડેવલપ કરી શકાય તે માટે મ્યુનિસિપલ હોસ્પીટલોના વોર્ડ જાણીતી કંપનીઓ તથા કોર્પોરેટ હાઉસને દત્તક આપવા ચાલુ વર્ષના બજેટમાં દરખાસ્ત કરવામાં આવી છે.

આવા વોર્ડ દત્તક લેવા માટે કંપનીઓ તથા સ્વૈચ્છીક સંસ્થાઓ આગળ આવે તે માટે કેટલીક જોગવાઈઓ કરવા અંગે વિચારણા કરવા તેમજ આનુષંગિક પગલાં લેવા અંગે પરામર્શ કરવા મ્યુનિસિપલ શાસક પક્ષના હોદ્દેદારો અને અધિકારીઓ વચ્ચે બજેટ રીવ્યુ મીટીંગ યોજાશે.

શહેરમાં આવેલી મ્યુનિસિપલ હોસ્પીટલોના વોર્ડ દત્તક આપવા ઉપરાંત શહેરમાં વિવિધ સ્થળે ફૂવારા, ટ્રાફિક આઈલેન્ડ ડેવલપ કરવા માટેલોકભાગીદારીથી ચલાવવા આપવા અંગે પણ વિચારણા કરવામાં આવશે. કોર્પોરેશન હસ્તકની આ પ્રકારની સેવા અને સુવિધા વધુ સારી રીતે પૂરી પાડી શકાય એ અંગેના ખર્ચની જે બચત થાય તેનો અન્ય રીતે ઉપયોગ કરી શકાય એવો આ દરખાસ્તનો ઉદ્દ્શ છે.

<u>ડેમમાં ડુબી ગયા બાદ પીએમ વિના મૃતદેહ લાવતા</u>

# બાપુનગર પોલીસે બે યુવતિની દફનવિધિ અટકાવતા હોબાળો

**અમદાવાદ, તા. ૧૪**

બાલાસિનોર પાસેના વણાકબોરી ડેમ પાસે બાધા પૂરી કરવા માટે ગયેલા ગોમતીપુરના અંસારી પરિવારની બે દિકરીઓના ડેમમાં ડૂબી જવાને કારણે મોત નિપજ્યા હતા.

લાશનું પીએમ કરાવ્યા વિના લઈ આવતા ગોમતીપુર પોલીસને જાણ થતાં પોલીસે બંન્ને યુવતિની દફનવિધિ અટકાવી પીએમ કરાવવા માટે આગ્રહ કરી પીએમ બાદ દફનવિધિ કરવાનું જણાવતા હોબાળો મચ્યો હતો. પોલીસે જણાવ્યુ હતુ કે બાપુનગર વિસ્તારમાં રહેતા ખાતુન અંસારીનો પરિવાર સવારના સમયે બાધા પૂરી કરવા માટે બાલાસિનોર પાસે આવેલા વણાકબોરી નજીકની દરગાહ ઉપર ગયા હતા. જ્યાં ધાર્મિક વિધિ પૂરી થયા બાદ પરિવાર નહાવા માટે વણાકબોરી ડેમમાં ગયો હતો. જ્યાં પાણી ઉંડુ હોવાથી ખાતુન અંસારીની બે દિકરી આશિફા (ઉ.વ.૧૭) અને આરિફા (ઉ.વ.૧૯) ડૂબવા લાગી હતી. જેથી સ્થાનિક તરવૈયાઓએ તેઓને બચાવવા માટે પ્રયાસ કર્યો હતો. પરંતુ બંન્ને યુવતિઓના પાણીમાં ડૂબી જવાને કારણે મોત નિપજ્યા હતા. જેથી સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે આવી પહોચી હતી. અને લાશના પીએમ કરાવવાનું જણાવ્યુ હતુ. પરંતુ પરિવારના મોભીએ પીએમનો ઈન્કાર કરી બંન્નેના મૃતદેહ લઈ અમદાવાદ આવી હતી. અને મૃતદેહોને દફનાવવાની કામગીરી આરંભી હતી. જો કે બાલાસિનોર પોલીસે કંટ્રોલ રૂમમાં મેસેજ કરી ગોમતીપુર પોલીસને જાણ કરતાં ગોમતીપુર પોલીસ દફનવિધિસ્થળે પહોંચી ગઈ હતી અને દફનવિધિ અટકાવી હતી.જેનાકારણે હોબાળો મચી જવા પામ્યો હતો.

# યુવતીની હત્યાનાં વિરોધમાં પાલિતાણા બંધ

**પાલિતાણા, તા. ૧૪**

ભાવનગરનાં પાલિતાણામાં યુવતીની હત્યાનાં મામલે ભારે તંગદિલી સર્જાઇ હતી. હત્યાનાં આરોપીઓની અટકાયતની માંગ સાથે લોકોનાં ટોળા રસ્તા પર ઉતરી આવ્યા હતા. આ ઘટનાને પગલે પાલિતાણા બંધની જાહેરાત કરવામાં આવી હતી જેને લોકો એ સજજડ બંધ પાળીને જોરદાર પ્રતિસાદ આપ્યો હતો.

ભાવનગરનાં પાલિતાણામાં ગત મોડી રાત્રે એક યુવતીની હત્યાનાં મામલે ભારે તંગદિલી સર્જાઇ હતી.આ યુવતીનાં હત્યારાઓને સત્વરે ઝબ્બે કરી લેવાની માંગણી લોકોએ કરી હતી અને આ હત્યાનાં વિરોધમાં પાલિતાણા બંધની જાહેરાત કરી હતી જેને લોકોએ જોરદાર પ્રતિસાદ આપ્યો હતો પણ આ મામલે લોકોમાં ભારે રોષ ભભૂકી રહ્યો હતો અને જેના કારણે તોફાની ટોળાએ એક ટ્રાન્સફોર્મરને આગ ચાંપી દીધી હતી જો કે પોલીસ ઘટના સ્થળે પહોચી ગઇ હતી અને તેમણે પીડિત યુવતીનાં પરિવારને હત્યારાઓને જલ્દી ઝડપી લેવાનો સધિયારો આપ્યો હતો ત્યારબાદ જ પરિવારે તેનો મૃતદેહ સ્વીકાર્યો હતો અને તેની અંતિમ વિધિ કરી હતી.

બ્યુટી પાર્લરમાં નોકરી કરતી ઉર્મિલા ભેંડા નામની યુવતી પોતાના ઘેર પરત ફરી રહી હતી ત્યારે કેટલાક લોકોએ તેની છરીનાં ઘા ઝીંકીને હત્યા કરી નાંખી હતી. આ અંગે પરિવારે જ્યાં સુધીપોલીસ હત્યારાઓને ઝડપશે નહી તેમણે મૃતદેહનો સ્વીકાર કરવાનો ઈન્કાર કર્યો હતો.

# બ્રિટનવાસીઓ દેશની શાહી ગાદી પર પ્રિન્સ ચાર્લ્સને જોવા ઈચ્છુક

**સન-ડે ટાઈમ્સના સર્વેમાં જણાવ્યા પ્રમાણે લગભગ ૪૮ ટકા લોકોનું માનવું છે કે મહારાણીએ પોતાની સત્તા પોતાના ઉત્તરાધિકારીને સોંપી દેવી જોઈએ**

**લંડન, તા. ૧૪**

બ્રિટનના મહારાણી ક્વિન એલિઝાબેથ આરોગ્યના કારણોસર પોતાની ફરજો પૂરી ના કરી શકતા હોય તો તેમણે પ્રીન્સ ચાર્લ્સને રાજા બનાવી દેવા જોઈએ.

બ્રિટીશ નાગરિકો વચ્ચે કરાવાયેલા એક સર્વેક્ષણમાં આ મત સાથે આવ્યો છે. સન-ડે ટાઈમ્સના સર્વેમાં જણાવ્યા પ્રમાણે લગભગ ૪૮ ટકા લોકોનું માનવું છે કે મહારાણીએ પોતાની સત્તા પોતાના ઉત્તરાધિકારીને સોંપી દેવી જોઈએ જો કે ૫૦ ટકા કરતા પણ વધારે લોકોનું હજુ પણ માનવું છે કે મહારાણી એલિઝાબેથ દ્વિતીયએ આજીવન શાસન કરવું જોઈએ ઉલ્લેખનીય છે કે ૮૭ વર્ષીય મહારાણી એલિઝાબેથ ૧૯૫૨થી બ્રિટનની રાજસત્તાનું સુકાન સંભાળી રહ્યા છે.

તાજેતરમાં જ બ્રિટીશ રાજ પરિવાર તરફથી એલાન કરવામાં આવ્યું હતું કે, આ વર્ષે શ્રીલંકામાં આયોજિત થનાર કોમનવેલ્થ ગેમ્સ સાથે જોડાયેલ હેડસ ઓફ ગર્વનમેન્ટ કોન્ફરનસમાં મહારાણીની જગ્યાએ પ્રીન્સ ચાર્લ્સ હાજર રહેશે.૧૯૭૩ બાદ આમ પ્રથમવાર બનશે કે મહારાણી આ ચોગામ કોન્ફરન્સમાં ભાગ નહીં લે.

ગત માર્ચ મહિનામાં પણ પેટની સમસ્યાના કારણે મહારાણીએ થોડો સમય હોસ્પિટલમાં કાઢવો પડયો હતો.

એવામાં આ નવો સર્વે રાણીના ખરાબ આરોગ્યના કારણે લોકોની બદલાતી વિચારધારાને જોતા ખૂબ જ મહત્ત્વપૂર્ણ મનાઈ રહ્યો છે.

સર્વેના આંકડા અનુસાર કવીનના તાજના ઉત્તરાધિકારી તરીકે પ્રીન્સ ચાર્લ્સની લોકપ્રિયતામાં સતત વૃદ્ધિ થઈ રહી છે. લગભગ ૫૦ ટકા લોકોના મત અનુસાર તેઓ એક સારા રાજા બની શકે છે.

# પાકમાં ચમત્કારિક ચૂંટણી : મતદારો કરતાં વધારે મતદાન!

**(યુએનએસ)**

**ઈસ્લામાબાદ, તા. ૧૪**

પાકિસ્તાનમાં ચૂંટણી દરમ્યાન એક ચમત્કાર સામે આવ્યો છે. ચમત્કાર પણ એવો છે કે તે સાંભળીને હાસ્ય આવી જાય કેટલાક મતદાન કેન્દ્રો પર સો ટકાથી પણ વધારે મતદાન થયું છે. સીધા શબ્દોમાં કહીએ તો જેટલો મતદારો છે તેમના કરતા વધારે મતદાન થયું છે. પાકિસ્તાનમાં નેશનલ એસેમ્બલીની ચૂંટણી દરમ્યાન ૪૯ મતદાન કેન્દ્રો પર સો ટકાથી પણ વધારે મતદાન થયું છે. ન્યુઝ ઈન્ટરનેશનલ અનુસાર ફ્રી એન્ડ ફેર ઈલેકશન નેટવર્કના નિરિક્ષકો દ્વારા મતદાન કેન્દ્રોથી એકત્રિત કરેલા આંકડાઓથી માલૂમ પડે છે કે અત્રે ૧૦૦ ટકા મતદારો કરતાં પણ વધારે ભીડ હતી. પાકિસ્તાનમાં શનિવારે મતદાન થયું હતું તથા અનૌપચારિક પરિણામમાં પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝ પોતાના વિરોધીઓથી આગળ નીકળવામાં સફળ રહી. પીએમએલ-એનને આ ચૂંટણીમાં ૧૨૨, પાકિસ્તાન પીપલ્સ પાર્ટીને ૩૧ અને પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફને ૨૬ બેઠકો મળી છે. એટલે કે નવાઝ શરીફની પાર્ટી સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી છે. તેને સરકારની રચના માટે હવે ૨૫ સાંસદોનું સમર્થન જોઈએ જે તે ગમે તે રીતે મેળવી લેશે.

એફએએફઈએન દ્વારા જારી કરવામાં આવેલ આંકડા અનુસાર આખા પાકિસ્તાનમાં નમૂના તરીકે લેવામાં આવેલ ૮૧૧૯ મતદાન કેન્દ્રોમાંથી ઓછામાં ઓછા ૪૯ કેન્દ્રો પર ૧૦૦ ટકાથી વધારે મતદારોએ મતદાન કર્યું છે. પંજાબના ૩૨, સિંધના ૧૦, ખૈબર પખ્તૂનખ્વાના છ અને બલૂચિસ્તાન પ્રાંતના એક મતદાન કેન્દ્ર પર સો ટકાથી વધારે મતદાન થયું છે.